105. Patel Amrutbhai Maganbhai.**દક્ષિણ ગુજરાત Department of Gujarati, V.N.S.G.U. Surat.)તના ધોડિયા સમાજની લોકસંસ્કૃતિ અને લોકસાહિત્ય** (Guide:Dr. Jashubhai Patel, Professor, Department of Gujarati, V.N.S.G.U. Surat.)

106. Patel Gulabbhai Kolghubhai. **ગાંધીયુગની ટૂંકીવાર્તા ('ધૂમકેતુ', 'દ્વિરેફ', 'સુન્દરમ' અને ઉમાશંકર જોશીના વિશેષ સંદર્ભે** (Guide: Dr. Naresh Vaghela, Assistant Professor, Shri Ambala Lalbhai jibhai patel & Shri Desaibhai Jadavbhai Patel Arts & Commerce College, Sarbhan, Dist.: Bharuch)

107. Patel Madhuriben Bhikhubhai. **ગુજરાતી નવલકથામાં નીરુપાયેલ દામ્પત્યજીવન (સરોજ પાઠક, ધીરુબહેન પટેલ, કુન્દનિકા કાપડિઆ અને બિન્દુ ભટ્ટના વિશેષ સંદર્ભે.** (Guide: Dr. Arjunsinh Gadhvi, Assistant Professor, V.C.T. Mahila Arts & Commerce College, Dahegam – Manuber Road, Bharuch.)

108. Patel Meghna Shantilal. **આધુનિક ગુજરાતી નાટકોમાં રચનાપ્રયુક્તિઓનો વિનિયોગ (મધુરાય, લાભશંકર ઠાકર, ચિનુ મોદી અને રમેશ પારેખના સંદર્ભે.** (Guide: Dr.Nareshbhai Shukla, Assistant Professor, Department of Gujarati, VNSGU, Surat.)

109. Patel Minaxiben Ramanbhai. **સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી દલિત કવિતા : સમીક્ષાત્મક અધ્યયન (પસંદગીના સર્જકોના સંદર્ભે** (Guide: Dr. Rekhaben Bhatt, Assistant Professor, M.T.B. Arts College, Surat.)

110. Patel Nishaben Ishwarbhai. **ગુજરાતી સાહિત્યની કેટલીક પસંદ કરેલી હાસ્યરસ પ્રધાન નવલકથાઓ એક અભ્યાસ** (Guide: Dr. Sharifa Vijaliwala, Professor and Head, Department of Gujarati, V.N.S.G.U. Surat.)

111. Patel Nita Hansraj. **પસંદ કરેલી સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નવલકથાઓમાં બદલાતા જતા ગ્રામજીવનની તાસીર** (Guide: Dr. Jashubhai Patel, Professor, Department of Gujarati, VNSGU, Surat.)

112. Patel Pushpaben Kanubhai. **ગુજરાતી જાનપદી નવલકથાની નાયિકાઓનો સમીક્ષાત્મક અભ્યાસ" (પસંદગીની નવલકથાના સંદર્ભે** (Guide: Dr. Rekhaben Bhatt, Assistant Professor, M.T.B. Arts College, Surat.)

113. Patel Sandipkumar Nanubhai studies on **૨૧મી સદીની ટૂંકીવાર્તામાં સાંપ્રત સમસ્યાનું આલેખન: એક અભ્યાસ" (૨૦૦૧ થી ૨૦૧૦ સુધી** (Guide: Dr. Rekhaben Bhatt, Assistant Professor, M.T.B. Arts College, Surat.)

114. Rathava Naranbhai Mulajibhai. **મધ્ય ગુજરાતનું ભજન સાહિત્ય: એક અધ્યયન** (Guide: Dr. Suhasben A. Dabhi Assistant Professor, Shree Jayendrapuri Arts & Science College, Baruch.)

**Law**

115. Balaram Dharmubhai Jain. **Studies on Law relating to white collar crimes in India"** (Guide: Dr. Sanjay G. Maniar, Associate Professor, Shah K.M. Law College, Tithal Road Valsad.)

116. Dalal Bhadresh Anilkumar. **Studies on Effect and impact of anti-corruption laws in India in curbing corruption** (Guide: Dr. (Guide: Dr. Sanjay G. Maniar, Associate Professor, Shah K.M. Law College, Tithal Road Valsad.)

117. Meman Rabiaben Jusafbhai. **Studies on Changing trends in electricity laws in India – In context to electricity act, 2003 and it's impact – A Study** (Guide: Dr. Vikrambhai Desai, Principal, Siddharth Law College, N.H. 8, Near Dada Bhagvan Mandir, Navagam, Kamrej Char Rasta, Surat.

**Management**

118. Gandhi Sheetal Ramesh. **Studies on Comparative study of adoption of information communication technology amongst the teachers and students of selected colleges of south Gujarat region** (Guide: Dr. Vinodbhai B. Patel, Professor, Department of Business and Industrial Management, VNSGU, Surat.)

119. Mutta Ruchi Narendrabhai. **Studies on Analysis of the predictive ability of selected non-price variables: Evidence from Indian capital market** (Guide: Dr. Jaydip Chaudhari, Professor, Department of Business and Industrial Management, VNSGU, Surat.)

120. Patel Kailashkumar Maganlal. **Studies on "Energy management in sugar industries of southern region of Gujarat** (Guide: Dr. Jaydip Chaudhari, Professor, Department of Business and Industrial Management, VNSGU, Surat.)

121. Patel Nilesh Jayvadanbhai. **Studies on Supply chain management practice and its effect on supply chain management performance and organisational performance in textile industry of surat district"** (Guide: Dr. Dhaval Maheta, Assistant Professor, G.H. Bhakta Management Academy Department of Business and Industrial Management, VNSGU, Surat.)

122. Shah Shivam Nayankumar. **Studies on Performance evaluation of selected stock market sectors in india and to construct optimum portfolio of this sectors** (Guide: Dr. Dhaval Maheta, Assistant Professor, G.H. Bhakta Management Academy Department of Business and Industrial Management, VNSGU, Surat.)

123. Taralkumar Manubhai Patel. **Studies on "Impact of bank credit on economic groth in India"** (Guide: Dr. Jaydip Chaudhari, Professor, Department of Business and Industrial Management, VNSGU, Surat.)

## Mathematics

124. Amlani Khimya Lalchand. **Studies on "Computational aspects of B – splines for the boundary value problems"** (Guide: Dr. Harish D. Doctor, Professor and Head, Department of Mathematics, VNSGU, Surat.)

125. Chaudhari Tejashkumar Umedbhai. **Studies on the finite element method and its application in engineering and applied science** (Guide: Dr. D.M. Patel, Ex. Assistant professor, Sir. P.T. Sarvajanik College of Science, Athwalines, Surat.)

126. Choksi Hetal Kiranbhai. **Studies on Transformation Techniques for fractional Differential Equations** (Guide: Dr. M.G. Timol, Professor, Department of Mathematics, VNSGU, Surat)

127. Desai Krupa Harshadrai**. Studies on Finite Element analysis for Modeling Material Nonlinearity under cyclic loading** (Guide: Dr. D.C. Joshi, Professor, Department of Mathematics, VNSGU, Surat)

128. Hathiwala Gautam Suresh. **Studies on The Sequence of Tetranacci Numbers and its Generalizations** (Guide: Dr. D.V. Shah, Associate Professor, Department of Mathematics VNSGU, Surat.)

129. Patel Rizwana Abdurrahim.**studies on Similarity solutions of some multi-dimensional visous flow of non-newtonian fluids** (Guide: Dr. M.G. Timol, Professor, Department of Mathematics, VNSGU, Surat)

130. Pathan Atekabibi Ziyaahmedkhan. **Studies on New deductive group based algorithm for similarity analysis of some boundary value problems** (Guide: Dr. M.G. Timol, Professor, Department of Mathematics VNSGU, Surat.)

131. Valani Bharat Natavarlal studies on **Differential Equations through dimensional analysis** (Guide: Dr. M.G. Timol, Professor, Department of Mathematics, VNSGU, Surat.)

## Microbiology

132. Ashvika Nayanbhai Gajjar. **Studies on Immunoproteomics to leptospirosis: towards laboratory diagnosis of pathogenic and non - pathogenic leptospira and candidate vaccine** (Guide: Dr. Summaiya Mullan, Professor, Department of microbiology, Shri M.P. Shah Govt. Medical college, Jamnagar.)

133. Dholaria Mayuri Durlabhji. **Studies on Antibacterial activity of some plant extracts against human pathogens isolated from UTI** (Guide: Dr. P.V. Desai, Ex. Professor & Head, Department of Bioscience, VNSGU, Surat)

134. Rana Jigarkumar Rameshbhai. **Studies on Ecotoxicological and Genotoxicological zone, Surat, South Gujarat, India** (Guide: Dr. M.N. Reddy, Professor, Department of Bioscience, VNSGU, Surat)

135. Vakilwala Mita Janakbhai. **Studies on "Characterisation of Bioactive Secondary Metabolites of Pseudomonas spp. Isolated from clinical samples** (Guide: Dr. Ratna Trivedi, Assistant Professor, Shree Ramkrishna institute of computer Education & Applied Sciences, Surat)

## Physical Education

136. Nizama Minesh Hamirsinh. **Studies on Effect of creatine Monohydratate Consumption on Muscular Power of State Level Athletes (**Guide: Dr.C. B. Kagathara Principal, Shri C. P. Degree College of Physical Education, Rajpipla).

## Physics

137. Morker Mitulkumar Ramanlal.**Study of Effects of Weakly Bound Projectile Breakup on Heavy – Ion Fusion.(**Guide: Dr. S. S. Godre Professor, Department of Physics, VNSGU,Surat.)

138. Pandya Samir Girishkumar. **Study of Optical and Electrical Properties of CDS Thin Films (**Guide: Dr. K.G. Raval Associate Professor, Narmada College of Science & Commerce, Zadeshvar, Bharuch).

139. Pillai Anilkumar Sivan Studies on **The Influence of Tin Dopants on the Properties of Bismuth Metal. (**Guide: I. B. Patel Professor Department of Physics, VNSGU, Surat )

### Public Administration

140. Christopher Dick–Sagoe. **Studies on Fiscal Decentralisation and Public Services Provision For Local Development Of The Districts In The Central Region of Ghana: (**Guide: Dr. Priti Garg Professor and Head, Department of Public Administration, VNSGU, Surat.)

141. Naik Swati Mohanbhai. **દાંડી અને બારડોલી સત્યાગ્રહના નેતૃત્વનો તુલનાત્મક અભ્યાસ** (Guide: Dr. Satish L. Patel Professor , Department of public Administration , V.N.S.G.U, Surat. )

142. Patel Heenabahen Natvarlal. **જીલ્લા કક્ષાએ આપત્તિ વ્યવસ્થાપનનો અભ્યાસ** (Guide: Dr. Satish L. Patel Professor, Department of public Administration, VNSGU, Surat)

143. Vaghela Hitesh Devjibhai **Studies on Accreditation in HEIs: A Study of Select NAAC Accredited HEIs in Gujarat (**Guide: Dr. A. Venkatraman Professor, Department Of Public Administration, V.N.S.G.U, Surat. )

### Sanskrit

144. Dhariya Arunkumar Gamanlal. **મનુસ્મૃતિ અને યાજ્ઞવલ્કયસ્મૃતિમાં આશ્રમવયવસ્થાનો એક સમીક્ષાત્મક અભ્યાસ** (Guide: Dr. Hansaben A. Parmar Assistant Professor Smt. J. P. Shroff Arst College, Tithal Road , Valsad.).

145. Idhariya Mukeshkumar Premjibhai. **વાયુપુરાણમાં ભૌગોલિક દર્શન** (Guide : Dr. Hansaben A. Parmar Assistant Professor, Smt. J. P. Shroff Arts College, Tithal Road Valsad .)

146. Jadav Chiragkumar Manilal. **કવિશ્રી હરિનારાયણ દીક્ષિત વિરચિત " રાધાચરિતમ" એક સમીક્ષાત્મક અધ્યયન.** ( Guide : Dr. Shobhna N. Solanky Assistant Professor, Smt. J.P. Shroff Arts College, Valsad.)

147. Joshi Jaydevi Jestharam. **સંસ્કૃત સાહિત્યમાં પ્રતિજ્ઞાતત્વ એક અદયયન** (Guide: Dr. Mayuriben Bhatia Assitant Profesor, Shree Ranag Navchetan Mahila Arts College, Valia, Dist. Bharuch.)

148. Naik Nayana Kalpesh. **'આધુનિક સંસ્કૃત લઘુકથાઓમાં નારી ': એક અધ્યયન** (Guide: Dr. Mayuriben Bhatia Professor, Deparment of Sanskrit, Bhasha Sahitya Bhavan, Gujarat University, Ahmedabad.)

149. Parmar Jayaben Chhotubhai. **' બ્રહ્મવૈવરતપુરાણનો શ્રીકૃષ્ણ જન્મખંડ- એક અધ્યયન '** (Guide : Dr. Nina C. Bhavnagari, Ex- Assistan Professor, M. T.B. Arts College , Athwalines, Surat.)

150. Patel Bhaginaben Ashokbhai. **"માઘકૃત 'શિશુપાલવધમ' માં પ્રયુક્ત અર્થાલંકારો – એક અનુશીલનાત્મક અધ્યયન"** (Guide: Dr. Mayuriben Bhatia Professor, Deparment of Sanskrit, Bhasha Sahitya Bhavan, Gujarat University, Ahmedabad. Co-Guide: Dr. Ajaybhai patel, Shah K.S. Arts & V.M. Parekh Commerce College, Kapadwanj.)

151. Patel Hemantbhai Rameshbhai. **'અથર્વવેદ' માં પ્રયુક્ત સૂક્તિઓની સાંપ્રત સાર્થકતા** (Guide: Dr. Bhavanaben Champaneri, Assistant professor, M.T.B. Arts College, Surat. Co-Guide- Dr. Ajaybhai patel, Shah K.S. Arts & V.M. Parekh Commerce College, Kapadwanj.)

152. Shilu Punit Vinodbhai. **પુરાણેષુ યોગશાસ્ત્રવિમર્શ:** (Guide: Dr. Mayuriben Bhatia, Assistant Professor, Shree rang navchetan mahila Arts College, Valia, Dist. Bharuch.)

### Statistics

153. Patel Tarulata Revabhai **Studies on Optimality and duality for differentiable and nondifferentiable multiobjective optimization problems** (Guide: Dr. R.D. Patel, Professorand Head, Department of Statistics, VNSGU, Surat.)

154. Sheikh Shehnazparvin Riyaz **Study on inventory models for deteriorating items with defferent deterioration rates** (Guide: Dr. R.D. Patel, Professor and Head, Department of Statistics, VNSGU, Surat)

## રમત – ગમત

બરકતઉલ્લા યુનિવર્સિટી ભોપાલ મુકામે આંતર યુનિવર્સિટી ક્રિકેટ(ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ ઉપકુલપતિશ્રી ડો. ભાસ્કર રાવલના પ્રમુખ પદે અને ઈ.ચા. કુલસચિવશ્રી એ.વી. ધડુકના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. સ્પોર્ટ્સ ડાયરેક્ટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી.

આ ટીમના કોચશ્રી કેતનભાઈ પટેલ અને મેનેજર તરીકે શ્રી પ્રો. જીતેન્દ્ર ટંડેલ સેવા આપી રહ્યા છે.



**<u>ક્રિકેટ(ભાઈઓ)</u>**

૧. શ્રી ઉમરીગર મોનિલ એ.
૨. શ્રી મંગુકિયા બાદલ એચ.
૩. શ્રી ગાધરીયા યશ ડી.
૪. શ્રી દેસાઈ નિસર્ગ પી.
૫. શ્રી કોચર લક્ષ્ય એમ.
૬. શ્રી પટેલ કુણાલ એચ.
૭. શ્રી પટેલ અક્ષય આર
૮. શ્રી પટેલ મોહિત ડી.
૯. શ્રી દેસાઈ ધ્રુમીલ જે.
૧૦. શ્રી પટેલ હર્ષ વી.
૧૧. શ્રી કંથરિયા પ્રત્યક્ષ ટી.
૧૨. શ્રી પટેલ મેહ્ફુઝ એમ.
૧૩. શ્રી પટેલ અંકિત બી.
૧૪. શ્રી દીવાકર સુન્દરમ આર.
૧૫. શ્રી નાગરા નિર્મલજીતસિંઘ એસ.
૧૬. શ્રી હન્સરોદ મોહમદ આર.

પંજાબ યુનિવર્સિટી, ચંડીગઢ મુકામે આંતર યુનિવર્સિટી જુડો ભાઈઓ ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડો.શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે તથા ઉપકુલપતિશ્રી ડૉ. ભાસ્કર રાવલ અને ઈ.ચા.કુલસચિવશ્રી એ.વી.ધડુકના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા



ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતા. સ્પોર્ટસ ડાયરેક્ટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી.

આ ટીમના કોચ અને મેનેજર તરીકે શ્રી પી.એસ. નિકમ સેવા આપી રહ્યા છે. જુડો ભાઈઓ ની આંતર યુનિવર્સિટી ટીમ :

૧ શ્રી ડે હિમાલય એ.
૨ શ્રી પટેલ અનિકેત એસ.
૩ શ્રી ખયાલીયા મનીષ આર.
૪ શ્રી સિંગ કિશન બી.
૫ શ્રી ગોસ્વામી રવીન્દ્ર એન.

જાગરણ લેક સીટી યુનિવર્સિટી, ભોપાલ મુકામે આંતર યુનિવર્સીટી ટેબલ ટેનીસ બહેનો ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ ઉપકુલપતિશ્રી ડૉ. ભાસ્કર રાવલના પ્રમુખ પદે અને ઈ.ચા. કુલસચિવશ્રી એ.વી.ધડુકના અતિથિ વિશેષ પદે અને યુનિવર્સીટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તીમાન કરવા ખેલાડીઓએ શુભેચ્છા પાઠવી, યુનિવર્સીટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. સ્પોર્ટસ ડાયરેક્ટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભાર વિધિ કરી હતી. આ ટીમના કોચ શ્રી પ્રો.વીજેશ પટેલ અને મેનેજર તરીકે કુ. મનિષા ચૌધરી સેવા આપી રહ્યાં છે.




**ટેબલ ટેનીસ (બહેનો)**

૧. કુ. પટેલ અદીતિ ધર્મેશભાઈ
૨. કુ. દલાલ શિવાની હિરેનભાઈ
૩. કુ. મોદી ખુશી આનંદભાઈ
૪. કુ. કાચવાલા સકીના શબીર
૫. કુ. બેસ્તાનવાલા ઝેનાબ શબ્બીર

ગુરુ નાનક દેવ યુનિવર્સિટી, અમૃતસર મુકામે આંતર યુનિવર્સિટી ટેઈકવોન્ડો (ભાઈઓ/બહેનો) ટુનામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ ઉપકુલપતિશ્રી ડો. ભાસ્કર રાવલના પ્રમુખ પદે અને ઈ. ચા.કુલસચિવશ્રી એ. વી.ધડુકના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. સ્પોર્ટ્સ ડાયરેક્ટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભાર વિધિ કરી હતી .આ ટીમના કોચ અને મેનેજર તરીકે શ્રી અમનકુમાર સેવા આપી રહ્યાં છે.



**ટેકવોન્ડો (ભાઈઓ)**

૧ શ્રી ભંડારી મનીષ ઈચ્છુરામ
૨ શ્રી સોની જીવણ ભીમસીગભાઈ
૩ શ્રી શેખ મો. અબરાર મો. શરીફ
૪ શ્રી શર્મા સંદીપ શિવ શર્મા
૫ શ્રી મોલવી મો. સુલતાન રઝા ગુલામ મુસ્તફા
૬ શ્રી શેખાવત રાહુલ રાતનસિંધ
૭ શ્રી જાડોન મહેશપાલ કિશનપાલસિંઘ
૮ શ્રી પારકી કિશનાં ગોપાલભાઈ

**(બહેનો)**

૧ કુ. ભાલાલ દર્શીતા દિનેશભાઇ
૨ કુ. શુક્લા નિધિ પરેશભાઈ
૩ કુ. કટરોડીયા લિઝા રાકેશભાઇ
૪ કુ. બાબાવાલા ક્રિષ્ના અરવિંદભાઈ
૫ કુ. દેસમુખ ગૌરી ક્રિષ્નાકુમાર
૬ કુ. પટેલ વરધી બીપીનચંદ્ર

પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢ મુકામે આંતર યુનિવર્સિટી પાવર લીફટીંગ (ભાઈઓ/બહેનો) ટુનામેંન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિ શ્રી ડો.શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે અને ઈ. ચા. કુલસચિવશ્રી એ.વી. ધડુકના અતિથિ વિશેષપ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટિમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.સ્પોર્ટસ ડાયરેક્ટર શ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો અને અભારવિધિ કરી હતી.



આ ટીમના કોચ શ્રી અમિતસિંહ રાઠોડ અને મેનેજર તરીકે કુ. છાયા બી. પટેલ સેવા આપી રહયાં છે.

**પાવર લીફ્ટીંગ(ભાઈઓ)**

૧ શ્રી મોમીન. મો. ઝાહીદ ગુલામ રસગુલ
૨ શ્રી જરીવાલા વીરલ અજયકુમાર

**(બહેનો)**

૧. કુ. સાંગલે અંજલી પ્રકેશભાઈ
૨ કુ. ગોટી દિશા

# કોલેજ ન્યૂઝ

## સેમિનાર

સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ સુરત અને ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટીસ્ટીકલ ,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરતના સંયુક્ત ઉપક્રમે તા.૨૮-૦૧-૨૦૧૮ ના દિવસે "STATISTICS RECENT INNOVATIONS AND FUTURE CHALLENGES" વિષય પર એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૬૯ ડેલીગેટસોએ ભાગ લીધો હતો. સેમીનારના ચીફ ગેસ્ટ વાઈસ ચાન્સેલર શ્રી ડો.શિવેન્દ્ર ગુપ્તા સાહેબ, પ્રો.વાઈસ ચાન્સેલર શ્રી ડો.ભાસ્કર રાવલ, શ્રી સી.એસ.જરીવાલા,ચેરમેન, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, કી નોટ સ્પીકર શ્રી ડો.પીયુષકાંત રાય ( બનારસ હિંદુ યુનિવર્સિટી ) , શ્રી ડો.આર.ડી પટેલ , સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પ્રથમ વાઈસ ચેરમેન શ્રી કમલેશભાઈ યાજ્ઞિક , લોકલ એડવાઈઝરી કમિટિના ચેરમેન શ્રી અસીમભાઈ બક્ષી તથા અન્ય માનવંતા મહેમાનોના શુભહસ્તે દીપપ્રાગટય કરવામાં આવ્યું હતું. આચાર્યા શ્રીમતી ડો.માર્ટિનાબહેન નરોન્હાએ સૌ માનવંતા મહેમાનો, ડેલીગેટસો,પ્રોફેસર્સ અને વિદ્યાર્થી ભાઈઓ બહેનોને આવકાર આપ્યો હતો તથા પ્રતિભાશાળી મહેમાનોનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટસ્ટીક્સના વડા ડો. આર.ડી.પટેલે નેશનલ સેમિનાર વિશે વિસ્તૃત સમજ આપી હતી.

પ્રો.વાઈસ ચાન્સેલર ડો.ભાસ્કરભાઈ રાવલે નેશનલ સેમિનારનું મહત્વ સમજાવી એમની સૌમ્ય શૈલીમાં મનનીય સંબોધન કર્યું હતું તથા આ નેશનલ સેમિનારને શુભકામનાઓં પાઠવી હતી. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ચેરમેન શ્રી સી.એસ જરીવાલાએ નેશનલ સેમિનાર જેમના થકી સંસ્થા, પ્રોફેસર્સ વિધાર્થીઓં અને એ થકી સમગ્ર સમાજનો વિકાસ થાય એ માટે શુભકામનાઓં પાઠવી હતી. અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી તરફથી સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી. તથા આચાર્યા શ્રીમતી ડો.માર્ટિનાબહેનને તેમજ સમગ્ર કોલેજ પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. નેશનલ સેમીનારના ઉદઘાટન સમારંભના મુખ્ય મહેમાન વાઈસ ચાન્સેલર શ્રી ડો.શિવેન્દ્ર ગુપ્તાએ નેશનલ સેમિનાર અને રિસર્ચ પ્રોગ્રામનું મહત્વ સમજાવ્યું હતું. આ સેમીનાર થકી સમગ્ર સમાજને લાભ થાય એવું થવું જોઈએ એવી આશા અને અપેક્ષા વ્યક્ત કરી હતી તેમજ આવા રાષ્ટ્રીયકક્ષાના સેમીનાર યોજવા બદલ અભિનંદન આપ્યા હતા.સેમીનારની સફળતા માટે સૌને હાર્દિક શુભકામનાઓં પાઠવી હતી.



ઉપાચાર્ય શ્રી યુ.એમ.પટેલે નેશનલ સેમિનારને સફળ બનાવવા બદલ દાતાશ્રીઓ અને સૌનો આભાર માન્યો હતો. બનારસ હિંદુ યુનિવર્સિટીના, ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટીસ્ટીકસના પ્રો.ડો. પિયુષકાંત રાઈએ કી નોટ સ્પીકર પદેથી સરળ શૈલીમાં વક્તવ્ય આપ્યું હતું. મુંબઈના "Siro Clinpharm India Pvt.Ltd." ના સિનીયર બાયોસ્ટેટસીટીસીઅન શ્રી મિલન ભગતે સ્ટેટીસ્ટીકસનો ફાર્મા ઇન્ડસ્ટ્રીઝમાં કેવી રીતે ઉપયોગ થઈ શકે એની વિશદ છણાવટ કરી હતી.



આ સેમિનારમાં રેકોર્ડબ્રેક ૬૨ જેટલા રિસર્ચ પેપર્સ આવ્યા હતા.જેમને માટે પાંચ અલાયદા રૂમમાં વિવિધ ભૌતિક સુવિધા સાથે ખૂબ જ ઈન્ટરેસ્ટીગ અને ઉપયોગી રિસર્ચ પેપર્સની રજૂઆત કરવામાં આવી હતી.

તારીખ ૨૨/૦૧/૨૦૧૮ નાં રોજ ઉધના અકેડમી એજ્યુકેશન ટ્રસ્ટનાં નેજા હેઠળ ઇસ્કોન દ્વારા અધ્યાત્મિક મૂલ્યો આધારિત એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનાં પ્રારંભમાં ઇન્ચાર્જ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ દ્વારા મહેમાનોનું સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું તથા પ્રા. શ્રી કલ્પેશ કંસારાએ પરિચય આપવામાં આવ્યો હતો. મુખ્ય વક્તા શ્રી રાધેશ્યામ દાસજીએ રામાયણ અને

મહાભારતનાં વિવિધ દ્રષ્ટાંતો લઈ જીવનમાં સેવાવૃત્તિ અને ભોગવૃત્તિ વચ્ચેનો સુક્ષ્મી ભેદ દર્શાવી તેની સાર્થકતા સમજાવી હતી તથા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ એક નાટિકા પણ પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમમાં ટ્રસ્ટનાં ઉપપ્રમુખ શ્રી ભાણજીભાઈ પટેલ અને સહસચિવ શ્રી કેતનભાઈ શાહ તથા કોલેજનાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



સુવર્ણ જયંતિ ઉજવી રહેલ શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે સુવર્ણ સપ્તાહના પ્રથમ પુષ્પ સ્વરૂપે ભાવી શિક્ષકો માટે "શિક્ષકત્વની સરગમ" વિષયક એક દિવસીય સેમિનાર સફળતાપૂર્વક સંપન્ન થયો. વી.ન.દ.ગુ.યુની., સુરતના સિનિયર સિન્ડિકેટ સભ્ય પ્રિ. ડો. વી.ડી. નાયક દ્વારા ઉદ્દઘાટીત આ સેમિનારમાં પ્રિ. ડો. જયેન્દ્ર પી. ગોહિલ, પ્રિ. ડો.પી.જે. રાજ, ડો. અશ્વિનીબેન કાપડિઆએ તજજ્ઞ તરીકે વિશેષ સેવા આપી હતી. જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર પ્રેરિત પ્રસ્તુત સેમિનારમાં શિક્ષકના વ્યક્તિવ વિકાસમાં પુસ્તકાલયની ભૂમિકાને કેન્દ્રમાં રાખી વાંચન, ઈ-રીસોર્સિસ, પુસ્તક વાંચનની અનિવાર્યતા, વાંચન ટેવ વિકાસ વગેરે જેવી બાબતોની ખુબ સુંદર રજૂઆત અને ચર્ચાઓ થઇ હતી. સંસ્થાના સુકાની અને સી.ટી.ઈ.નાં કોર્સ ડાયરેક્ટર ડો. કિશોરભાઈ નાયકે સુવર્ણ જયંતિ અંતર્ગત પુસ્તક કેન્દ્રિ આ સેમિનારની અનિવાર્યતા સ્પષ્ટ કરી હતી. મંડળના મંત્રીશ્રી મુકેશભાઇ મહેતાએ સેમિનારની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

સુવર્ણ જયંતિ ઉજવી રહેલી શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે CTE અને GCERT, ગાંધીનગર પ્રેરિત એક દિવસીય 'ગણિત પ્રયોગશાળા : વિકાસ અને ઉપયોગિતા' વિષયક સેમિનાર યોજાયો હતો. પ્રસ્તુત સેમિનારમાં વી.એસ. પટેલ કોલેજના પ્રા. વિજયભાઈ મહેતાએ ઉદ્દઘાટક તરીકે અને બી.વી.કે. મંડળ બીલીમોરાના મંત્રીશ્રી મુકેશભાઇ મહેતાએ અધ્યક્ષ તરીકે મનનીય પ્રવચન આપ્યું હતું. કોર્સ ડાયરેક્ટર અને આચાર્ય ડો. કિશોરભાઈ નાયકે સૌનું આવકાર–પુષ્પાભિવાદન કરી સેમીનારની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી અને ગણિત પ્રયોગશાળા એ આજના સમયની માંગ છે એ વાત એ વાત ભારપૂર્વક રજુ કરી. ખુબ સફળ રહેલા આ સેમિનારમાં તજજ્ઞ તરીકે સુરતના શિક્ષક શ્રી કિશોરભાઈ કાલસરીયા અને પ્રો. ડો. નમ્રતાબેન પટેલે સેવા આપી હતી. શ્રી કિશોરભાઈ કાલસરીયાએ વિવિધ નમુના-રમત દ્વારા ગણિત અધ્યાપન રસપ્રદ કેવી રીતે બનાવી શકાય તેની રજૂઆત કરી હતી. પ્રો. ડો.નમ્રતાબેન પટેલે સંસ્થાના ગણિત-વિજ્ઞાનના તાલીમાર્થીઓ દ્વારા ગણિત પ્રયોગશાળા બનાવવામાં આવી હતી અને તે અંતર્ગત ધોરણ – ૯ અને ૧૦ ગણિતના મુદ્દાઓને સરળતાથી શીખવાય એવા સાધનો રજુ કર્યા તથા રમત-ગમત અને કાગળો દ્વારા ગણિત પ્રયોગશાળા કેવી રીતે ઉભી કરી શકાય તેનું પ્રદર્શન કર્યું હતું.ત્યારબાદ પ્રયોગશાળા સંબંધિત નાટક, પ્રાર્થના,સુવિચાર,પીપીટી પ્રેઝન્ટેશન રજુ કર્યા હતા. પ્રસ્તુત સેમિનારના કોર્ડિનેટર પ્રો. ડો. કલ્પેશભાઈ ટંડેલ અને ઓફિસ સ્ટાફ દ્વારા સેમિનારનું સુચારુ વ્યવસ્થાપન કરાયું હતું.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા આ વર્ષે વૈવિધ્યસભર અનેક કાર્યક્રમો યોજી એની સુવર્ણજયંતિને ઉમળકાભેર ઉજવી રહી છે. ઉજવણીનાં ભાગરૂપે આ સંસ્થામાં મુલ્યશિક્ષણ વિષયક ત્રિદિવસીય સેમિનાર સફળતાપૂર્વક તાજેતરમાં જ સંપન્ન થયો. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવીદ્યાલયનાં બીલીમોરા સેન્ટરના કેન્દ્ર સંચાલિત બી.કે. ગુરુદેવી બહેને અને બી.કે. કેતનભાઈએ ત્રણેય દિવસ સરળ અને રસપ્રદશૈલીમાં મૂલ્યોનો અર્થ, માવજત અને મૂલ્ય વિકાસ સંદર્ભે સચોટ માહિતી આપી ભાવિ શિક્ષકોને આધ્યાત્મિકતાનો સુંદર સ્પર્શ કરાવ્યો હતો. આત્મા, પરમાત્મા અને પ્રકૃતિ સંદર્ભે આધારભૂત બાબતોની ઉદાહરણ સહિત સમજુતી આપી પ્રત્યેકને તેમનામાં રહેલા મૂળભૂત ગુણોને વિકસાવવા બાબતે સુંદર સમજણ પૂરી પાડી હતી, કોલેજના આચાર્યશ્રી ડો. કિશોરભાઈ નાયકે માત્ર માહિતી, વિષય પ્રભુત્વથી સંતુષ્ટ થવું ભાવિ શિક્ષકો માટે ઘાતક નીવડી શકે છે એવું સ્પષ્ટ કરી જીવનને સફળ અને સંતુષ્ટ બનાવવા માટે આધ્યાત્મિકતાના સ્પર્શને અનિવાર્ય ગણાવ્યો હતો, તમામ ભાવિ શિક્ષકોએ આ ત્રિદિવસીય સેમિનારને મનભરીને માણ્યો હતો.

## રમત – ગમત

વીર નર્મદ દ.ગુ. યુનિવર્સિટીની ફુટબોલ ટીમમાં નવયુગ કોમર્સ કોલેજમાંથી કુલ છ ખેલાડીઓ પસંદગી પામી કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ ટીમ વેસ્ટ ઝોન જાગરન લેક સિટી, યુનિવર્સિટી ભોપાલ. રમવા જનાર હોય આ ખેલાડીઓને કોલેજના આચાર્યશ્રી. ડૉ. વિનોદભાઈ એન. પટેલ તથા શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા પ્રા.સી.કે.અસારિયા તેમજ કોલેજ પરિવારે તમામ પસંદગી પામેલ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા..વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ફુટબોલ ટીમમાં કોલેજના વિદ્યાર્થી ૧ કુરેશી મંજુર અલી ૨ પટેલ અબ્દુલ કાદિર ૩ મેમોન અબ્દુલ કાદિર ૪ ખલીફા પરવેઝ ૫ અન્સારી મુનાફ ૬ પઠાન અરબાઝ પસંદગી પામી. તેમજ ૭ સૈયદ મો.સોએબ દ્રિતીય અવેજી ખેલાડી તરીકેની પસંદગી પામેલ છે. આ ટીમ વેસ્ટ ઝોન જાગરન લેક સિટી, યુનિવર્સિટી ભોપાલ રમી આવી કોલેજનું ગૌરવ વધાર્યું છે.



સુવર્ણજયતિપર્વ ઉજવી રહેલી શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા.૨૨/૦૨/૨૦૧૮ના રોજ વાર્ષિક રમતોત્સવનું આયોજન કરાયું હતું. સંસ્થા જ્યારે સુવર્ણજયંતિ પર્વ ઉજવી રહી હોય ત્યારે રમતોત્સવ પણ સ્વર્ણિમ બને તે માટે જૂની-ભુલાયેલી રમતોનો પણ આ રમતોત્સવમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. સવારે નવ વાગ્યા થી સાડા નવ વાગ્યા સુધી ઉદ્ઘાટન બાદ સાડા નવ વાગ્યાથી એક વાગ્યા સુધી ઇન્ડોર ગેમનું આયોજન થયું હતુંજેમાં વન મિનિટ, એક ફૂલ દો માલી, આયોજન ગેમ, લખોટી રીલે તથા કમ્યુનિકેશન ગેમ જેવી મનોરંજક રમતો યોજાઈ હતી. ત્યારબાદ સહુએ સમૂહભોજનનો સ્વાદ માણ્યો હતો. બપોરે બે વાગ્યાથી પાંચ વાગ્યા દરમિયાન આઉટડોર ગેમ્સ યોજાઈ હતી. જેમાં ૧૦૦મીટર, રીલે દોડ, લંગડી દોડ, કોથળા દોડ,ત્રિપગી દોડ, લખોટી, ભમરડો, સાત ઠીકરી, ટાયર રોલીંગ, જળભેદન, રીંગણ-પાણી, ખો-ખો તથા ક્રિકેટનું અયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રથમ અને દ્રિતીય વર્ષના સહુ તાલીમાર્થીઓ તથા સર્વ અધ્યાપકોએ ખૂબ ઉત્સાહથી આ રમતોત્સવમાં ભાગ લીધો હતો. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ આર. નાયકના દિશાદર્શન અને રમતગમત અધ્યક્ષ પ્રા.ડૉ. નમ્રતા કે. પટેલના માર્ગદર્શન મુજબ રમતગમત મંત્રી, જી.એસ.અને તાલિમાર્થી મંત્રી-મંડળ દ્રારા ખૂબ જહેમત ઉઠાવાઈ હતી. બૌધિક શારીરિક, સંગઠન તેમજ વિવિધ માનસિક શક્તિઓ ઉજાગર કરતો રમતોત્સવ ખૂબ સફળ રહ્યો હતો.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની હોકી બહેનોની પસંદગીમાં નવયુગ સાયન્સ કોલેજની S.Y.B.Sc. Sem.-4 ની વિધાર્થીની બોગરા તન્વી એન. એ ભાગ લઈ યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામ્યા હતા . તેઓ વેસ્ટ આંતર યુનિવર્સિટી હોકી બહેનોની સ્પર્ધામાં ગુજરાત ટેક્નોલૉજીકલ યુનિવર્સિટી , ગાંધીનગર મુકામે જે. પી . આર્ટસ એંડ સાયન્સ કોલેજ , ભરુચ ખાતે યોજાઇ હતી .



જેમાં નવયુગ સાયન્સ કોલેજની એસ. વાય. બી. એસ. સી. સેમેસ્ટર-૪ ની વિધાર્થીની બોગરા તન્વી એન. યુનિવર્સિટી ની હોકી બહેનોની ટીમમાં પસંદગી પામ્યા હતા. વેસ્ટ જોન આંતર યુનિવર્સિટી હોકી બહેનોની સપર્ધા ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી , ગાંધીનગર મુકામે યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું હતું સાથે આજ વર્ષ બોગરા તન્વી એલ .એ ટેનિસ બહેનોની યુનિ. ટીમમાં પણ પસંદગી પામ્યા હતાં અને વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી ટેનિસ બહેનોની સ્પર્ધા સાવિત્રીબાઈ ફુલે યુનિ. પુના મુકામે ભાગ લીધો હતો . T.Y.B.Sc. Sem-6 નો વિધાર્થી પટેલ રાહુલ આર. એ યુનિ.ની હોકી ભાઇઓની ટીમમાં પસંદગી પામી વેસ્ટ ઝોન આંતર

યુનિવર્સિટી હોકી ભાઈઓની સ્પર્ધા ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી , ગાંધીનગર મુકામે યોજાયેલ જેમાં ભાગ લીધો હતો . વી.ન.દ. ગુજરાત યુનિ. ની આંતર કોલેજ વેઈટ લિફ્ટીંગ સ્પર્ધામાં પટેલ જેસલ બી. એ 85 કિગ્રા વેઈટ કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ખેલાડીઓની આ સીદધી બદલ ફ્રોટો ફંકસન કાર્યક્રમમાં ઉપસ્થિત યુનિ. ના કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા, કોલેજના આચાર્યશ્રી, શા. શિ. ના વ્યાખ્યાતા પ્રા. ધર્મેશ પટેલ તથા કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા.

## સ્પર્ધા

તા.૦૨-૦૧ અને ૦૩-૦૧-૨૦૧૮ ના રોજ ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત,ઉધના સિટિઝન કોમર્સ કોલેજ એન્ડ એસપીબી કોલેજ ઓફ બિઝનેસ એડ્મીનીસ્ટ્રેશન એન્ડ શ્રીમતિ દિવાળીબેન હરજીભાઈ ગોડલીયા કોલેજ ઓફ બીસીએ એન્ડ આઈ.ટી.માં વિવિધ આંતર કોલેજ સ્પર્ધાઓં જેવી કે આઈ.ટી.કવીઝ, માઈન્ડ સ્ટોમર્સ, સ્કેવેન્જર હન્ટ,એડ મેડ શો, પ્રેઝન્ટેશન સકીલ્સ, શીઘ્ર વકતૃત્વ, પુસ્તક સમીક્ષા, ગુજરાતી ગીત , ફેશન શો, અને વિવિધ આંતર શાળા સ્પેર્ધાઓં જેમ કે બિઝનેસ ક્વીઝ, રશ અવર, અંતાક્ષરી, ફેશન શો, ડાન્સીંગ તથા ફન ગેમ્સ –રોડીઝનું આયોજન કરવામાં આવ્યું હતું.



જેમાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના અંદાજીત ૨૦૮ જેટલા વિધાર્થી તેમજ સુરત શહેરની વિવિધ શાળાઓના અંદાજીત ૧૩૭ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. ટ્રસ્ટના પ્રમુખશ્રી કિરિટ ગાંધીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી ભાણજીભાઈ પટેલ (ઉપપ્રમુખશ્રી),શ્રી કાંતિભાઈ પટેલ (મંત્રીશ્રી),શ્રી નરેશભાઈ પટેલ (સહમંત્રી) એ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ટ્રસ્ટીશ્રી શ્રી નિરંજનભાઈ પટેલ (ખજાનચી) તથા શ્રી કેતનભાઈ શાહ (સહમંત્રી) એ તમામ સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી હતી.

ઈ.ચા. આચાર્ય ડો.મેહુલ દેસાઈએ શાબ્દિક આવકાર આપ્યો હતો તથા સફળ આયોજન માટે તમામ સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.(તમામ આયોજનમાં બીબીએનાં ઉપાચાર્ય ડો.ડેઝી શેબી ઠેક્કનાલ એ નોધપાત્ર યોગદાન આપ્યું હતું.) પ્રા.પ્રતિક્ષા દેસાઈએ આભારવિધિ રજૂ કરી હતી.

નવયુગ સાયન્સ કોલેજ સુરતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની એ-ઝોન ઈન્ટર કોલેજ વોલીબોલ સ્પર્ધાનું આયોજન થયું હતું.જેમાં યુનિવર્સિટીની કુલ ૧૯ જેટલી ટીમો એ ભાગ લીધો હતો. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે બોર્ડ ઓફ સ્પોટ્ર્સના ચેરમેન અને અમરોલી કોલેજના આચાર્યશ્રી ડો.કે.એન.ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.ફાઈનલ મેચ નવયુગ કોમર્સ કોલેજ અને અંબાબા કોમર્સ કોલેજ વચ્ચે યોજાઈ હતી. નવયુગ સાયન્સ કોલેજના આચાર્ય ડો.અશ્વિનભાઈ પટેલે ટોસ ઉછાળી મેચની શરૂઆત કરાવી હતી. જેમાં નવયુગ કોમર્સ કોલેજનો ૩-૧ થી જીતમેળવી હતી. ઇનામ વિતરણ કાર્યક્રમમાં આચાર્યશ્રી દ્વારા ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.સમગ્ર ટુનાર્મેન્ટનું સંચાલન આસિસ્ટન્ટ પ્રોફેસર ધર્મેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગણિતશાસ્ત્ર વિભાગ, નવયુગ સાયન્સ કોલેજ દ્વારા આયોજિત ઈન્ટર કોલેજ કવીઝ કોમ્પિટીશન તા ૦૬/૦૧/૨૦૧૮નાં રોજ યોજાયેલ હતી . જેમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની નવ ટીમે ભાગ લીધોહતો. જેમાં નવયુગ સાયન્સ કોલેજની ટીમનાં વિધાર્થીઓ ગઢીયા દર્શન .એમ. , ફેનીવાલા સૈફુદીન. એસ. અને હિરપરા વલ્લભદાસ પી. પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.તેમની આ સિદ્ધિ બદલ આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ, ગણિતશાસ્ત્ર વિભાગનાં વડા ડૉ.જે.કે.પટેલ તેમજ કોલેજ પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે .



ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, ઉધના સિટિઝન કોમર્સ કોલેજ એન્ડ એસપીબી કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન એન્ડ શ્રીમતી દિવાળીબેન હરજીભાઈ ગોંડલીયા કોલેજ ઓફ બીસીએ એન્ડ આઈટીમાં તારીખ ૧૮/૦૧/૨૦૧૮ નાં રોજ જ્ઞાનધારા હેઠળ ઇન્ટ્રા કોલેજ ક્વીઝ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. આ કોમ્પીટીશનમાં બી.કોમ., બી.બી.એ. અને બી.સી.એ. વિભાગના વિદ્યાર્થીઓની ૨૬ ટીમોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો જે પૈકી નીચે મુજબની ટીમ વિજેતા જાહેર થઇ હતી.

- પ્રથમ ક્રમે ટીમ-એ : અગ્રવાલ દીપેશ ( ટી.વાય.બી.કોમ.) અને પ્રશાંત દિક્ષિત (એસ.વાય.બી.સી.એ.)
- દ્વિતિય ક્રમે ટીમ-સી : આદર્શ શુક્લા (એસ.વાય.બી.બી.એ.) અને અભિષેક તિવારી (એસ.વાય.બી.બી.એ)
- તૃતીય ક્રમે ટીમ-બી : સૈયદ નાઝનીન (ટી.વાય.બી.સી.એ.) અને શર્મા પૂનમ (ટી.વાય.બી.સી.એ.)

(૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા હોકી ભાઈઓની આંતર કોલેજ યુનિવર્સિટી ટીમની પસંદગી પ્રક્રિયાનું આયોજન બી.કે.એમ. સાયન્સ કોલેજ વલસાડ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજના ૪૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા, એસ.વાય. બી.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પાંડે ચંદન જી., કશ્યપ શુંભમ પી., ડબગર મિતેશ એસ. અને કુકણા રાહુલ બી. ટી.વાય. બી.કોમ. આ ચાર ખેલાડીઓની પસંદગી હોકીની યુનિવર્સિટી ટીમમાં થઇ હતી. કુકણા રાહુલની યુનિવર્સીટી હોકી ટીમના કેપ્ટન તરીકે પસંદગી થઇ છે. આ સિધ્ધિ બદલ ઇન્ચાર્જ આચાર્યા વર્ષાબેન ટી. રાણા તથા ફીજીકલ ઈન્સ્ટ્રકટર સોનલબેન વસાવા તથા કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. (૨) એ.વી. પટેલ કોમર્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના ઉપક્રમે "યુવાનો અને એઇડ્સ જાગૃતિ" વિષય પર પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મિસ્ત્રી ચેતન એચ. એફ્રેફ. વાય બી.કોમ., દ્વિતિય ક્રમે લાડ કિંજલ જી. એફ.વાય. બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) અને તૃતીય ક્રમે ટાંક પૂજા એ. ટી.વાય. બી.કોમ. વિજેતા રહ્યા હતા. ઇન્ચાર્જ આચાર્યા વર્ષાબેન રાણાએ વિજેતા તેમજ સ્પર્ધકોને અભિનંદન પાઠવી ઉત્સાહ વધાર્યો હતો. પ્રા. સ્વીટીબેન શર્મા તથા પ્રા. જીગીષાબેન પટેલે નિર્ણાયક તરીકેની મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સ્પર્ધાનું આયોજન પ્રોગ્રામ ઓફિસર સોનલબેન એસ. વસાવા તથા યુનિવર્સિટી લીડર પાર્થ ખત્રીએ કર્યું હતું. કોલેજના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો

(૩) એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં શિક્ષણ વિભાગના આદેશ અનુસાર ડિબેટ કમિટીનાં ઉપક્રમે "શું ટેકનોલોજી માણસને આળસુ બનાવી રહી છે?" અને "શું મતદાન કરવું દરેક નાગરિક માટે ફરજિયાત છે?" વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓએ ખરેખર ટેકનોલોજીને માનવીને સાધ્ય બનાવી દીધી છે અને શા માટે દરેક નાગરિક માટે મતદાન કરવું ફરજિયાત છે તે અંગે વિચારો રજુ કર્યા હતા. સ્પર્ધામાં પ્રથમ ક્રમે મિશ્રા ખુશ્બુ એન. ટી.વાય. બી.કોમ. (અંગ્રેજી માધ્યમ), દ્વિતિય ક્રમે દેસાઈ સનિ જે. એસ.વાય. બી.કોમ. અને તૃતીય ક્રમે સરદાર મનમિતસિંગ એસ.વાય. બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) રહ્યા હતા. ઇન્ચાર્જ આચાર્યા વર્ષાબેન ટી. રાણાએ વિજેતા તેમજ સ્પર્ધકોને અભિનંદન પાઠવી ઉત્સાહ વધાર્યો હતો. પ્રા. એન. બી. સોલંકી અને એ. એ. અન્સારીએ નિર્ણાયક તરીકેની મહત્વની ભૂમિકા ભજવી હતી. સ્પર્ધાનું આયોજન, સંચાલન અને આભારવિધિ પ્રા. દીપેકાબેન લાડે કરી હતી. કોલેજના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

(૪) રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે જીલ્લા કક્ષાની પોસ્ટર મેકિંગ સ્પર્ધા "યુવાનો અને એઇડ્સ જાગૃતિ" વિષય પર મહિલા કોલેજ, નવસારી મુકામે યોજાયી હતી. જેમાં એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા કોલેજનો એફ.વાય. બી.કોમ.નો વિદ્યાર્થી મિસ્ત્રી ચેતન એચ. દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ કોલેજના ઇન્ચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન ટી. રાણા તથા કોલેજ પરીવારે અભિનંદન પાઠવતા હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

૫) ગુજરાત રાજ્યની સપ્તધારાની સર્જનાત્મક અભિવ્યક્તિધારા હેઠળ આંતરકોલેજ હસ્તકળા સ્પર્ધા કે.પી. કોમર્સ કોલેજ, સુરત મુકામે યોજાયી હતી. જેમાં એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા કોલેજની એસ.વાય. બી.કોમ.ની વિદ્યાર્થીની પટેલ જાનકી એચ. પ્રથમક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ કોલેજના ઇન્ચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન ટી. રાણા તથા કોલેજ પરીવારે અભિનંદન પાઠવતા હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં આંતરકોલેજ સ્પર્ધાઓનું આયોજન થયું. આ સ્પર્ધાના મુખ્ય મહેમાન શ્રી બિહારી ઇટવાલા U S A રહ્યા હતા તથા મંડળના પદાધિકારીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભા વધારી હતી. કાયક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઇ અને ત્યારબાદ દીપ પ્રાગટયથી સમ્રગ વાતાવરણ પવિત્ર અને પ્રકાશિત બન્યું. કોલેજના ઇન્ચાર્જ આચર્યા વર્ષાબેન રાણાએ ઉપસ્થિત મહેમાન શ્રીઓને શાબ્દિક અને પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. સ્પર્ધાના ઉદઘોષક તરીકે પ્રા. નરેન્દ્રભાઈ બી. સોલંકી રહયા.

આંતરકોલેજ વક્તૃત્વ સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે મમતાબેન જે. પટેલ અને દિપકભાઈ એસ. આહિરની સેવા પ્રાપ્ત થઈ. આ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ :

| ક્રમ | નામ | કોલેજનું નામ |
|---|---|---|
| ૧ | રાજપૂત બબીતાઆર | શ્રી રંગશિક્ષણ મહાવિદ્યાલય ,બીલીમોરા. |
| ૨ | ચૌહાણ પાર્થ .એસ . | શ્રીરંગશિક્ષણ મહાવિધાલય ,બીલીમોરા. |
| ૩ | ઢિમ્મર દિવ્યા બી. | શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ. |

આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધાના કન્વીનર પ્રા. યોગિની એચ. મિસ્ત્રીએ સ્પર્ધાના સંચાલન નો દોર સંભાળ્યો હતો.

આંતરકોલેજ કાવ્ય પઠન સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે જીગ્નાષાબેન એન સોલંકી અને હેમાબેન એમ. રાઠોડની સેવા પ્રાપ્ત થઈ. આંતર કોલેજ કાવ્ય પઠન સ્પર્ધાના કન્વીનર પ્રા. દિપીકા પી. લોડ સ્પર્ધાના સંચાલનનો દોર સંભાળ્યો હતો.

આ સ્પર્ધાના વિજેતા વિધાર્થીઓ :

| ક્રમ | નામ | કોલેજનું નામ |
|---|---|---|
| ૧ | સવાઈ પંકજ એ. | એમ. ટી.બી. આટ્ર્સ કોલેજ ઓફ,સુરત |
| ૨ | પટેલ કિંજલ આર. | વી.ટી.ચોક્સી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન,સુરત |
| ૩ | રાજપુરોહિત પ્રિયકા બી. | એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા. |

આંતર કોલેજ મહેંદી સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે જીજ્ઞાસાબેન એન. સોલંકી અને ડીમ્પલબેન ડી. પટેલની સેવા પ્રાપ્ત થઈ. આ સ્પર્ધાના વિજેતા વિધાર્થીઓ :

| ક્રમ | નામ | કોલેજનું નામ |
|---|---|---|
| ૧ | પટેલ ફાલ્ગુની વી. | શાહ એન .એચ.કોમર્સ કોલેજ, વલસાડ. |
| ૨ | નાયક કુંજલએસ. | એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા. |
| ૩ | પટેલ ઉન્નતી ટી. | વી.એસ.પટેલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,બીલીમોરા. |

આંતરકોલેજ મહેંદી સ્પર્ધાના કન્વીનર પ્રા. જિગીષાબેન આર .પટેલ સ્પર્ધાના સંચાલન દોર સાંભળ્યો હતો .

આ સ્પર્ધાના આયોજનમાં ઇન્ચાર્જ આચાર્યા વર્ષાબેન રાનાનું માર્ગદર્શન મળી રહ્યું તથા વિવિધ કોલેજના આચાર્યો અને સ્પર્ધક વિદ્યાર્થીઓ , કોલેજના સ્ટાફ મિત્રો, કોલેજ ની સટુડન્ટ કાઉન્સિલ તથા નોન ટીચિંગ સ્ટાફ સર્વનો સહકાર મળ્યો. પ્રા .નરેન્દ્રભાઇ બી. સોલંકએ આભારદર્શન કર્યુ હતું અને રાષ્ટ્રગીતના સમૂહગાનથી કાર્યક્રમનું સમાપન થયું હતું.

(૧) ગુજરાત સરકારની સપ્તધારા અન્વયે સર્જનાત્મક અભીવ્યક્તિ ધારા હેઠળ પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મિશ્રા ખુશ્બુ એન. ટી.વાય. બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) અને દ્વિતિયક્રમે રાજપુરોહિત પ્રદીપ એન. એસ.વાય. બી.કોમ.(અંગ્રેજી માધ્યમ) વિજેતા રહ્યા હતા. એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ઇન્ચાર્જ આચાર્યા વર્ષાબેન ટી.

રાણાએ વિજેતા તેમજ સ્પર્ધકોને અભિનંદન પાઠવી ઉત્સાહ વધાર્યો હતો. પ્રા. એન. બી. સોલંકી તથા નિખીલભાઈ કાયસ્થે નિર્ણાયક તરીકેની મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સ્પર્ધાનું આયોજન અને સંચાલન પ્રા. યોગિનીબેન મિસ્ત્રીએ તથા આભારવિધિ પ્રા. દિપીકાબેન લાડે કરી હતી. કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

(૨) એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાની સ્ટુડન્ટ કાઉન્સિલની સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે "સંગીત સવાર" કાર્યક્રમ કોલેજ પટાંગણમાં ઉજવાય ગયો. બીલીમોરા જોરાવાસણનાં "સુર સંગમ" ઓરકેસ્ટ્રાંનાં સથવારે યોજાયેલ સંગીતના આ સ્પર્ધાત્મક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાની ઉર્મિઓને ગીતોના માધ્યમ વડે અભિવ્યક્ત કરી હતી. સ્પર્ધામાં કુલ – ૨૨ વ્યક્તિગત ગીતો અને ૩ યુગલ ગીતો રજુ કરાયા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ કાર્યક્રમ માણ્યો હતો. જેમાં વ્યકિગત ગીતોની સ્પર્ધામાં પ્રથમક્રમે રીતેશ એસ. ઢીમ્મર ટી.વાય. બી.કોમ. દ્વિતીયક્રમે કુ. રિન્કુ પી. ગુજારેયા એફ.વાય. બી.કોમ. તથા તૃતિયક્રમે આરુધી આર. પંડ્યા એફ.વાય. બી.કોમ. વિજેતા બન્યા હતા યુગલગીત સ્પર્ધામાં કુ. રંજન આર. ભગત ટી.વાય. બી.કોમ અને કુ. ગુરપ્રીત કૌર સરદાર એફ.વાય બી.કોમ.ની જોડી વિજેતા રહી હતી. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી લોપાબેન પટેલ, શ્રીમતી ડો. આશાબેન ભટ્ટ અને શ્રી ધનેશભાઈ મિસ્ત્રીએ સેવા આપી હતી. ઇન્ચાર્જ આચાર્યા વર્ષાબેન ટી. રાણાએ તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા. કોલેજ વિદ્યાર્થી સંઘના સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા સુંદર કામગીરી કરી હતી. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. વાય. જે.દેસાઈએ કાર્યક્રમનું સંચાલન સાથી પ્રા. એન. બી. સોલંકી, પ્રા. વાય. એચ. મિસ્ત્રી તથા પ્રા. એસ. ઓ. શર્માના સહકારથી કર્યું હતું.

(૩) એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાત રાજ્યની સપ્તધારા પ્રવૃત્તિ હેઠળ "રંગકલા કૌશલ્યધારા" હેઠળ "મહેંદી સ્પર્ધા" તેમજ "ગારમેન્ટ ડિઝાઈનીંગ" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહેંદી સ્પર્ધામાં પ્રથમક્રમે નાયકા કુંજલ ટી.વાય. બી.કોમ. દ્વિતીયક્રમે ભારદ્વાજ પિંકી એસ. એફ.વાય. બી.કોમ. તથા તૃતીયક્રમે પ્રજાપતિ મનીષા એસ. એફ.વાય. બી.કોમ. વિજેતા રહ્યા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. યોગિનીબેન મિસ્ત્રી, તથા પ્રા. ડેઝીબેન દેસાઈએ સેવા આપી હતી. ગારમેન્ટ ડિઝાઇનીંગ સ્પર્ધામાં પ્રથમક્રમે પટેલ તેજશ એસ. એફ.વાય. બી.કોમ., દ્વિતીયક્રમે સોની વિશ્વા એસ. એસ.વાય. બી.કોમ. તથા તૃતીયક્રમે પટેલ નિયતિ એસ. એફ.વાય. બી.કોમ. વિજેતા રહ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. યોગેશ જે. દેસાઈ તથા પ્રા. પ્રતિકભાઈ યુ. બરોડીયાએ સેવા આપી હતી. ઇન્ચાર્જ આચાર્યા વર્ષાબેન ટી. રાણાનાં માર્ગદર્શન હેઠળ રંગકલા કૌશલ્યાધારાનાં અધ્યક્ષ પ્રા. જિગીષાબેન પટેલ તથા પ્રા. સ્વીટીબેન શર્મા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

(૪) એ.વી. પટેલ કોમર્સ કોલેજ બીલીમોરા ખાતે ગુજરાત સરકારની ખેલકૂદ, વ્યાયામ યોગધારાના ઉપક્રમે જાન્યુઆરી માસના બીજા અઠવાડિયામાં ચેસ, કેરમ, બેડમિન્ટન વગેરે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેસ, કેરમ સ્પર્ધામાં ભાઈઓએ અને કેરમ, ટેબલટેનિસ સ્પર્ધામાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કોલેજના ઇન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાનાં માર્ગદર્શન હેઠળ થયેલ સ્પર્ધાનું આયોજન પ્રા. પ્રતિકભાઈ યુ. બરોડીયા અને પ્રા. ધર્મિષ્ઠાબેન જે. ઢીમ્મરે કર્યું હતું. નિર્ણાયક તરીકે પ્રા. સોનલબેન એસ. વસાવાએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

બી. વિ. કે.મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા સુવર્ણ જયંતી પર્વ નિમિતે તા.૨૬/૯/૨૦૧૭ ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. કોલેજોના તાલિમાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા, શીઘ્ર ચિત્ર સ્પર્ધા, એકપાત્રીય અભિનય સ્પર્ધા અને વાર્તાકથન સ્પર્ધાનું આયોજન થયું હતું. ઉદ્ઘાટન સમારંભની શરૂઆત દૈનિક પ્રાર્થના સંમેલનથી થઇ હતી. દીપપ્રાગટય બાદ સંસ્થાના સુકાની ડૉ .કિશોરભાઈ નાયકે સ્પર્ધાઓની ઉચિતતા અને સમગ્ર કાર્યક્રમની પૂર્વભૂમિકા રજૂ કરીને મહેમાનશ્રીઓનું સ્વાગત કર્યું હતું. ઉદ્ઘાટન સમારંભમાં અદયક્ષશ્રી તરીકે બી.વિ.કે.મંડળ ના પ્રમુખ શ્રી ભરતભાઈ ઉપસ્થિત રહયા હતા સમારંભમાં અતિથી વિશેષ તરીકે કોમર્સ કોલેજના આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલી અને.એલ.એમ. પી પ્રાયમરી સ્કુલના આચાર્યા શ્રીમતિ પકીઝાબેને ઉપસ્થિત રહીને પ્રશિણર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો (૧) વકતૃત્વ સ્પર્ધામાં ૧. વર્તમાન શિક્ષકની મનોદશા (૨) મોબાઈલ, ઈન્ટરનેટ આજનું યુવાધન અને(૩) પ્રવર્તમાન સમયમાં સ્ત્રીને સ્વતંત્રતા છે ખરી?

વિષયો રાખવામાં આવ્યા હતા. ઉક્ત સ્પર્ધા માં ૧૬ બી. એડ .કોલેજના સ્પર્ધકોએ ભાગ લઈ સ્પર્ધાને અર્થપુર્ણ બનાવી હતી નિર્ણાયક તરીકે શ્રી અશોકભાઈ ભટ્ટ અને શ્રીમતિ આશાબેન ભટ્ટ સેવા આપી હતી વ. સ્પર્ધામાં પ્રથમક્રમે કાકલોતર ખુશ્બુબેન (જહાંગીરપુરા, બી.એડ), દ્વિતીય ક્રમે રજપૂત બબીતાબેન (બીલીમોરા, બી. એડ.) અને તૃતીય ક્રમે સિહ ભાવના (પાંડેસરા, બી.એડ.)રહ્યા હતા શીઘ્રચિત્ર સ્પર્ધામાં તાલીમાર્થીઓને 'શિક્ષણ અને સ્વછતાં' વિષય આપવામાં આવ્યો હતો. ઉક્ત સ્પર્ધામાં ૧૫ બી. એડ કોલેજના સ્પર્ધકોએ ભાગ લીધો હતો આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી ઉમેદભાઈ પટેલ અને શ્રી કિરણભાઈ મિસ્ત્રીએ સેવા આપી હતી સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ રવિભાઈ ( બી. એડ . કોલેજ, બીલીમોરા), દ્વિતીયક્રમે ઠાકોર વિરેન્દ્ર (સરદારપટેલ, બી.એડ. કોલેજ નવસારી) અને તૃતીયક્રમે માલી પ્રિયાબેન (બી.એડ. કોલેજ ઉમરગામ ) રહ્યા હતા. એકપાત્રીય અભિનય સ્પર્ધામાં ૧૪ બી. એડ. કોલેજના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધમાં નિર્ણાયક તરીકે શ્રી ઉમેશભાઈ મહેતા અને શ્રી મેહુલભાઈ પટેલે સેવા આપી હતી. ઉક્ત સ્પર્ધામાં પ્રથમક્રમે બોચલ સનવર (બી. એડ .કોલેજ ઉમરગામ), દ્વિતીયક્રમે દેલવાડિયા અર્પિતા (બી. એડ. કોલેજ પાંડેસરા). તૃતીય ક્રમે લાડ નીલમ ( બી. એડ . કોલેજ બીલીમોરા) રહ્યા હતા વાર્તાકથન સ્પર્ધામા ૧૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમક્રમ જોષી એકતા (બી.એડ.કોલેજ જહાંગીરપુરા), દ્વિતીયક્રમે પટેલ ચૈતાલી (બી.એડ્.કોલેજ દમણ) અને તૃતીયક્રમે નારીગરા મિતલ (બી.એડ્. કોલેજ કામરેજ) રહ્યા હતા. ઉક્ત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી જીતુભાઈ મહેતા અને શ્રીમતી અલ્પાબેન જોષીએ સેવા આપી હતી. સમાપન સમારંભ શ્રીમતી જયશ્રીબેન દેસાઈના અધ્યક્ષપદે યોજાયેલ હતો. સંસ્થાના પ્રિ.ડૉ. કિશોરભાઈ નાયકે અતિથિનો પરિચય આપી આવકાર-સ્વાગત બાદસ્પર્ધાની સફળતા માટે સંતોષવ્યક્ત કર્યો હતો. ત્યારબાદ વિજેતાઓને કોલેજ દ્વારા ટ્રોફી સાથે સર્ટીફિકેટ અને શ્રીમતી પાકીઝબેન દ્વારા પ્રાયોજિત ઇનામો અપાયા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પણ સર્ટીફિકેટ અપાયા હતા. અધ્યક્ષશ્રીના પ્રવચનમાં શ્રીમતી જયશ્રીબેને આજની શિક્ષણ પ્રથામાં શિક્ષકની ભૂમિકાની સાથે સાથે કૌશલ્યની ભૂમિકા વિશે રસપ્રદ વાતો કહી હતી.સમગ્ર ચતુર્વિધ સ્પર્ધા ઓના કાર્યક્રમની અભાર વિધિ સ્પર્ધાના કન્વીનર ડૉ. વિનયભાઈ પટેલે કરી હતી.

સરકારી વિનયન કોલેજ, તિલકવાડા, ખાતે તારીખ ૧૯, ૨૦ માર્ચ ૨૦૧૮ના રોજ સપ્તધારાની વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેલકૂદ ધારા અંતર્ગત ૧૯-૦૩-૨૦૧૮ ના રોજ વિદ્યાર્થીઓ માટે ક્રિકેટ સ્પર્ધા તેમજ તા. ૨૦-૦૩-૨૦૧૮ ના રોજ લાંબીકુદ, ગોળાફેંક, દોડ તેમજ વિદ્યાર્થીનીઓ માટે ફૂલ-રેકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેમેસ્ટર ૦૧/૦૨ અને સેમેસ્ટર ૦૩/૦૪ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.તા. ૧૯-૦૩-૨૦૧૮ ના રોજ યોજાયેલ ક્રિકેટ સ્પર્ધાના કો-ઓર્ડીનેટર પ્રા. પટેલ જલ્પાબહેન હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન દીપકકુમાર વ્યાસે કર્યું હતું. આ સ્પર્ધામાં બંને સેમેસ્ટરના કુલ અઢાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ક્રિકેટ માટે બે ટીમ બનાવવામાં આવી હતી. એક ટીમ સેમેસ્ટર- ૦૧/૦૨ તથા બીજી ટીમ સેમેસ્ટર- ૦૩/૦૪ની હતી. જેમાં સેમેસ્ટર ૦૧/૦૨/ની ટીમ વિજેતા બની હતી. આ સ્પર્ધાના નિર્ણાયક વિરલ મજમુદાર તેમજ રણજીતભાઈ ગામીત હતા.તા. ૨૦-૦૩-૨૦૧૮ નાં રોજ લાંબીકુદ, ગોળાફેંક, દોડ તેમજ વિદ્યાર્થીનીઓ માટે ફૂલ-રેકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતના કો-ઓર્ડીનેટર તેમજ કન્વીનર પ્રા. જલ્પાબહેન પટેલ હતા.લાંબીકુદમાં કુલ ચાર છોકરીઓએ ભાગ લીધો હતો. જેમાંથી વસાવા સેજલ પ્રથમ ક્રમાંકે તેમજ પ્રજાપતિ હેમાંગી બીજા ક્રમે રહી હતી. દોડમાં કુલ છ છોકરીઓએ ભાગ લીધો હતો. જેમાંથી વાળંદ મિત્તલ પ્રથમ ક્રમાંકે તેમજ વસાવા સેજલ બીજા ક્રમે રહી હતી. આ ત્રણે સ્પર્ધાના નિર્ણાયક આશાબેન પટેલ હતા. વિદ્યાર્થીનીઓની ફૂલ રેકેટ સ્પર્ધામાં કુલ સાત વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાંથી પ્રજાપતિ હેમાંગી પ્રથમ તેમજ બારિયા અંકિતા બીજા ક્રમે આવી હતી. આ સ્પર્ધાના નિર્ણાયક જુનિયર ક્લાર્ક પ્રિયંકાબહેન રાવલ હતા.લાંબીકુદમાં કુલ ચૌદ છોકરાઓએ ભાગ લીધો હતો. જેમાંથી ઠાકોર સોયબ મહોમ્મદ પ્રથમ ક્રમાંકે તેમજ વસાવા દિનેશ બીજા ક્રમે રહ્યા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક વિરલ મજમુદાર હતા. ગોળાફેંકમાં કુલ આંઠ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં વિદ્યાર્થી વસાવા અનીલ જી. પ્રથમ ક્રમાંકે તેમજ વસાવા ભારત બીજા ક્રમે રહ્યા હતા. જેના નિર્ણાયક પ્રા. રણજીતભાઈ ગામીત હતા. દોડમાં કુલ આંઠ છોકરાઓએ ભાગ લીધો હતો. જેમાં વસાવા ઘનશ્યામ પ્રથમ ક્રમાંકે તેમજ વસાવા ભરત બીજા ક્રમે રહ્યા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક પણ પ્રા. રણજીતભાઈ ગામીત રહ્યા હતા.

## ઉજવણી



નવયુગ સાયન્સ કોલેજ , સુરતમાં તા.૧૮-૦૧૨૦૧૮નારોજ એન્યુયલ ફંકસનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમા આપણી (વીર નર્મદ દક્ષિણ ગુજરાત ) યુનિવર્સિટીના વાઈસ-ચાન્સલર ડૉ. શિવેન્દ્ર ગુપ્તા કોલેજના વિધાર્થીઓને પ્રોત્સાહીત કરવામાં પોતાનો અમુલ્ય સમય ફાળવીને હાજરી આપી હતી.કુલપતિશ્રી એ ટી. વાય. બી. એસ. સી. સેમ-૬ અને M.Sc. Sem-IVના વિધાર્થીઓને સંબોધન કરતી વખતે પોતાની લાક્ષણિક અદાથી વિધાર્થીઓને મોહિત કરી દીધા હતા.આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ.અશ્વિનભાઈ પટેલ વાઈસ ચાન્સલર શ્રી ડો. શિવેન્દ્ર ગુપ્તા તેમજ સિન્ડિકેટ મેમ્બર ડો. કેતન દેસાઈ હાજર રહી વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવા બદલ આભારની લાગણી વ્યકત કરી હતી .

નવયુગ સાયન્સ , સુરતમાં તા ૧૫-૦૯-૨૦૧૭ તથાં તા.૦૫-૦૧-૨૦૧૮ના રોજ "લાયબ્રેરી ડે " નિમિતે પુસ્તક પરિચય તથા આપણી આજની ચિંતાં "વિસરાતું વાંચન " વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું. આચાર્યશ્રી ડો.એ. એસ પટેલે વિધાર્થીઓમાં વાંચન ભૂખ જાગે એ માટે પ્રાસંગીક ઉદબોધન કરી પ્રોત્સાહિત કર્યા હતા અને વિધાર્થીઓમાં સંસ્કાર સિંચન તથા ઉચ્ચ જીવન ઘડતર થાય તેવાં પુસ્તકો વિધાર્થીઓ વાંચે તે માટે હાકલ કરી હતી . સ્પર્ધામાં કુલ ૩૧ વિધાર્થીઓએ ભાગ લીધો હતો . તેમાં ખાસ કરીને ડો. એ. પી.જે. અબ્દુલ કલામ , ગુણવંત શાહ, શ્રીમદ ભગવતગીતા, મોરારી બાપુ, કુરાન વગેરે પુસતકનો પરિચય સુંદર રીતે રજૂ કર્યો હતો. તેમાં પ્રથમ ક્રમે પટોલે આનંદ ડી., દ્વિતીય ક્રમે ગુપ્તા રામેશ્વર અને બંધિયા જલ્પા તથા તૃતીય ક્રમે ખોડાંવાલા આલ્યાબનું અને તિવારી માનસી આવી હતી તમામને કોલેજનાં આચાર્યશ્રી અને કોલેજ પરિવારે અભિનંદન આપ્યા હતા.કાર્યક્રમનું સંચાલન પાટોલે આનંદ અને ગૃપતા રામેશ્વરે પૂરું પાડયું હતું અને નિર્ણાયક તરીકે ડૉ. પી.ડી વશી, શ્રી આર. પ્રજાપતિ અને પી . બી . પટેલે સેવા આપી હતી

તા. ૦૯/૦૨/૨૦૧૮ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેસન, માંગરોલ, ખાતે બી.એડ.કોલેજ, શ્રી નર્મદા ગ્રામ વિદ્યાપીઠ, શ્રી નર્મદા માસ્ટર ઓફ સોશ્યલ વર્ક કોલેજ માંગરોલનો સયુંકત ક્રમે વાર્ષિકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કાર્યક્રમની શુભ શરૂઆત દીપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. જેમાં બી.એડના ઈ.ચા આચાર્યાશ્રી યોગેશભાઈ ઝેડ પટેલ, બી.આર.એસ ના ઈ.ચા.આચાર્યાશ્રી સુરેન્દ્રભાઈ તડવી, ડાયરેક્ટરશ્રી ધરમેન્દ્રભાઈ બી, ખત્રી એમ. એસ.ડબલ્યુના આચાર્યશ્રી મનુભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા. ત્યાર બાદ વિદ્યાર્થીઓ દ્વારા ગણેશ વંદના કરવામાં આવી હતી.બી.આર.એસ. કોલેજના વિદ્યાર્થીઓએ સ્વાગત ગીત કર્યુ હતું. બી.એડના તાલીમાર્થી દ્વારા દેશ નૃત્ય વગેરે રજૂ કરવામાં આવ્યુ હતું. બી.આર.એસ.અને એમ.એસ.ડબલ્યુ કોલેજના વિદ્યાર્થીઓએ નાટક, આદિવાસી નૃત્ય વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. સર્વ વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફગણએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંતમાં અલ્પાહાર લઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

સરકારી વિનયન કોલેજ, તિલકવાડામાં સરકારશ્રીના આદેશ અનુસાર તા. ૨૧-૦૬-૨૦૧૭નાં રોજ કે. એમ. શાહ સાર્વજનિક હાઈસ્કુલ, તીલકવાડાનાં કેમ્પસમાં તાલુકા કક્ષાએ આંતરરાષ્ટ્રિય યોગ દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તિલકવાડા તાલુકાના મામલતદારશ્રી પટેલ, કલેકટર કચેરી, રાજપીપળામાંથી આંકડા અધિકારીશ્રી ભાભોર ઉપરાંત સરકારી પ્રાથમિક શાળા, તિલકવાડા અને કે. એમ. શાહ સાર્વજનિક હાઈસ્કુલ, તિલકવાડાનાં વિદ્યાર્થીઓ સાથે કોલેજના શૈક્ષણિક, બિનશૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં યોગા ટ્રેનરે યોગ વિશેની પ્રારંભિક ભૂમિકા બાંધી હતી જેથી વિદ્યાર્થીઓ આપણી પરંપરાને સમજે, યોગ અંગે જાગૃતિ આવે તેમજ તેઓ શારીરિક અને માનસિક રીતે સશક્ત બની શકે. યોગ અભ્યાસની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યાર બાદ આસનો, પ્રાણાયામ અને ધ્યાન કરાવવામાં આવ્યું હતું. દરેક આસન કરાવતી વખતે તે આસન કરવાની રીત તેમજ

તે આસનથી થતા ફાયદાઓ વિષે પણ સૌને માહિતી આપી હતી. જેથી વિદ્યાર્થીઓ કાર્યક્રમના ઉદ્દેશને સમજી પોતે તેમાંથી કઈક પામી શકે. અંતે પોતાની મન: સ્થિતિ પર સંતુલન રાખવાના સંકલ્પ તેમજ શાંતીપાઠ દ્વારા કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## વ્યાખ્યાન

(૧) એ. વી. પટેલ કોમર્સ કોલેજમાં ઉદિશા ક્લબના નેજા હેઠળ ટી. વાય. બી. કોમના વિધાર્થીઓ માટે "કારકિર્દી માર્ગદર્શન" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિ. ડૉ. કૃણાલભાઈ ભાવસાર (બી. સી. એ. કોલેજ, બીલીમોરા) અને શ્રી ઋષિકેશભાઈ વર્મા હાજર રહ્યા હતા. તેમણે વિધાર્થીઓને સરકારી વિભાગોના વિવિધ સંવર્ગો , બેંકિંગ સેવાઓ , વીમા સંસ્થાઓની સેવાઓના ક્ષેત્રે સ્ટાફની ભરતી પ્રક્રિયા અંગે સચોટ અને માહિતી સભર માર્ગદર્શન પ્રોજેક્ટર નિદર્શનથી અને પોતાના સરળ વક્તવ્ય દ્વારા આપ્યું હતું . ઇન્ચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન ટી.રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. દીપિકાબેન લાડે કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રા. વાય. જે. દેસાઈએ કરી હતી કોલેજના શૈક્ષિણક તથા બિન શૈક્ષિણક સ્ટાફ તથા વિધાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

(૨) એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં મહિલા વિકાસ સમિતિ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુકત ઉપક્રમે મહિલા સશકિતકરણ કાર્યક્રમ યોજાયો હતો . વલસાડની અસ્તિત્વ મહિલા ઉત્કર્ષ સંસ્થાના ધરમપુર ખાતેનાં કેન્દ્રના સંચાલિકા અને વલસાડના જાણીતા એડવોકેટ શ્રીમતિ ગિરિબાળાબેન આચાર્ય તથા શ્રીમતિ ભાવનાબેન સોલંકી તજ્જ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિધાર્થીઓને જાતિય સતામણી વિરુધ અવાજ ઉઠાવવા તથા સોશિયલ મીડિયાનો વિવેકપૂર્વક ઉપયોગ કરવા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત મહિલાઓને લગતા કાયદાઓ વિશે માર્ગદર્શન પુરૂં પાડયું હતું. ઇન્ચાર્જ આચાર્ય શ્રીમતિ વર્ષાબેન ટી. રાણાએ વિધાર્થીનીઓને પહેરવેશ, વાણી અને વર્તનમાં મર્યાદા જાળવવા શીખ આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. યોગેશ દેશાઈએ કર્યું હતું કાર્યક્રમના અંતે અભારવિધિ પ્રા. સોનલબેન વસાવાએ કરી હતી. કોલેજના શૈક્ષણીક તથા બિન- શૈક્ષણીક સ્ટાફ તથા વિધાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

૧ એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં ઉર્દિશા ક્લબના નેજા હેઠળ ટી.વાય.બીકોમના વિદ્યાર્થીઓ માટે "કેરિયર ગાઈડન્સ એન્ડ મોટીવેશન" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું પ્રા. અનસભાઈ એ. અન્સારીએ વિદ્યાર્થીઓને કારકીર્દી ઘડતર માટે જોબ મેળવવાની દ્રષ્ટિએ તથા પોતાનો વ્યવસાય કરવાની દ્રષ્ટિએ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું ઇન્ચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. યોગેશભાઈ જે. દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રા. યોગીનીબેન એચ. મિસ્ત્રીએ કરી હતી. કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

૨. એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાત સરકાર અને કે.સી.જી. પ્રેરિત ઉદિશા કલબના ઉપક્રમે જે.સી. આઈ. પ્રાઈમના પ્રમુખશ્રી અર્જુનસિંગનું "વ્યક્તિત્વ વિકાસ" વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું જેમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના ઇન્ચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેનના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. વાય.જે. દેસાઈએ કર્યું હતું કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

(૧) એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાત રાજ્યની જ્ઞાનધારા અને સ્ટુડન્ટ કાઉન્સિલની ડિબેટ કમિટિનાં સંયુક્ત ઉપક્રમે ટી.વાય. બી.કોમ.નાં વિદ્યાર્થીઓ માટે નિષ્ણાંતનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં નવયુગ કોમર્સ કોલેજ સુરતના પ્રા. આભાબેન નગરશેઠે "વેપારી કાયદો" વિષય પર ગહન ચર્ચા કરી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કોલેજના ઇન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાનાં માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. દિપીકાબેન લાડે અને આભારવિધિ પ્રા. સ્વીટીબેન શર્માએ કરી હતી. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

(૨) એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં એકાઉન્ટન્સી વિભાગ અને સ્ટુડન્ટ કાઉન્સિલની ડિબેટ કમિટિનાં સંયુક્ત ઉપક્રમે એસ.વાય. બી.કોમ.નાં વિદ્યાર્થીઓ માટે નિષ્ણાંતનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ભાવિનભાઈ ડઢાણિયાએ "ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ" વિષય

પર ગહન ચર્ચા કરી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કોલેજના ઇન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાનાં માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. દિપીકાબેન લાડે અને આભારવિધિ પ્રા. વાય.એચ. મિસ્ત્રીએ કરી હતી. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

(૩) એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં ઉદ્દિશા કલબના નેજા હેઠળ ટી.વાય. બી.કોમ.નાં વિદ્યાર્થીઓ માટે "બી.કોમ. પછીના વ્યાવસાયિક અભ્યાસક્રમો" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જુમાની એકેડમીનાં શ્રી દિનેશભાઈ જુમાનીએ C.A, C.S., C.W.A. તથા અન્ય બી.કોમ. પછીના વ્યાવસાયિક અભ્યાસક્રમો ઉપરાંત G.S.T. અંગે પોતાના સરળ વક્તવ્ય દ્વારા વિદ્યાર્થીઓને ઉપરોક્ત વિષય પર સમાજ આપી હતી તેમજ વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે, જોબ મેળવવાની દ્રષ્ટિએ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. કોલેજના ઇન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાનાં માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. યોગેશભાઈ જે. દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રા. નરેન્દ્રભાઈ બી. સોલંકીએ કરી હતી. કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

(૪) એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં ઉદ્દિશા કલબના નેજા હેઠળ ટી.વાય. બી.કોમ.નાં વિદ્યાર્થીઓ માટે "કેરિયર ગાઇડન્સ એન્ડ પર્સનાલીટી ડેવલેપમેન્ટ" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ડો. દિપેશભાઇ શાહે વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે જોબ મેળવવાની દ્રષ્ટિએ તથા પોતાનો વ્યવસાય કરવાની દ્રષ્ટિએ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. કોલેજના ઇન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાનાં માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. યોગેશભાઈ જે. દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રા. વાય. જે. દેસાઈએ કરી હતી. કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

(૫) એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાની સ્ટુડન્ટ કાઉન્સિલની પ્લાનિંગ ફોરમ કમિટિના અંતર્ગત રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીના પ્રા. ડો. અજયભાઈ નાયકે "કાળા નાંણાની સમસ્યા, કારણો, અસરો અને ઉપાયો" વિષય પર,માહિતી સભર અને મનનીય વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. કોલેજના ઇન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણા પ્રેરિત અને પ્લાનિંગ ફોરમ કમિટિના અધ્યક્ષ પ્રા. વાય. જે. દેસાઈ આયોજીત આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસક્રમ સંદર્ભ ખુબ ઉપયોગી બન્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રા. વાય. જે. દેસાઈએ કરી હતી. કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

સુવર્ણ જયંતિ ઉજવી રહેલ શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે સુવર્ણસપ્તાહના બીજા પુષ્પ સ્વરૂપે પૂર્વે આચાર્ય ડો. દિનકરરાય નાયક પ્રેરીત માનવ ઉત્કર્ષ મંડળ પ્રવચનમાળા અંતર્ગત બે મહારથીઓના પ્રેરક પ્રવચનો યોજાયા હતાં. આરંભે ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનો આવકારી માનવ ઉત્કર્ષ મંડળની પૂર્વભૂમિકા રજુ કરી હતી. ડૉ.દિનકરરાય નાયકે સંસ્થાની વિકાસયાત્રાના પ્રત્યક્ષ સાક્ષી હોવાના નાતે સંસ્થાની પરંપરાઓ, સબળ અને સ્નેહાળ નેત ત્વની સરાહના કરી હતી . વિદ્યાનગરના વિદ્વાન વક્તા પ્રો . ડૉ. મહેશચંદ્ર યાજ્ઞીકે પ્રસ્તુત કાર્યક્રમમાં સંસ્થાની ભવ્ય પરંપરાઓને બિરદાવી શિક્ષકના સ્વધર્મ , શિક્ષણની વર્તમાન અસંતુલિત વ્યવસ્થા, શિક્ષક્ની મનોસજ્જતા જેવા મુદ્દાઓની સુંદર રજૂઆત કરી સહુને મંત્ર મુગ્ધ , કર્યા. આ જ સંસ્થાના પૂર્વ તાલીમાર્થી અને તાપી જીલ્લાના નિવૃત કલેક્ટરશ્રી આર. જે. પટેલ ભુતકાલીન સંભારણાઓને વાગોળી પ્રવર્તમાન સમયમાં શિક્ષક નિર્ણાયક અને રાષ્ટ્રનો ઘડવૈયો કેવી રીતે બની શકે એની ધારદાર રજૂઆત પોતાના અનુભવો અને આગવા પ્રોયોગોને ટાંકીને કરી હતી. મંડળના મંત્રીશ્રી મુકેશભાઈ મહેતા અને અન્ય પદાધિકારીઓ, કેમ્પસની સંસ્થાઓના આચાર્યો કેટલીક બી.એડ.કોલેજોના આચાર્યશ્રીઓએ ઉપસ્થિત રહી બને વક્તાઓને મન ભરીને માણ્યા.

સરકારી વિનયન કોલેજ, તિલકવાડા ખાતે તારીખ ૨૦ માર્ચ ૨૦૧૮ના રોજ ઉદીશા અંતર્ગત વિદ્યાર્થીઓને સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે ઉપયોગી બને તે ઉદ્દેશથી તાલુકા વિકાસ અધિકારીશ્રીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેમેસ્ટર ૦૧/૦૨ અને સેમેસ્ટર ૦૩/૦૪ નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન આશાબેન પટેલે કર્યું હતું. કાર્યક્રમના સફળ આરંભ માટે વિદ્યાર્થીની વસાવા સેજલે પ્રાર્થના રજુ કરી હતી.

આચાર્યશ્રીએ આવેલ મહેમાનનું પુષ્પગુચ્છ તેમજ શબ્દગુચ્છ વડે સ્વાગત કર્યું હતું તેમજ ઉદીશા (રોજગાર અને કારકિર્દી માર્ગદર્શન) અંગેની ભૂમિકા બાંધી આપી હતી. ઉપસ્થિત મહેમાનશ્રીએ 'આદિવાસી વિસ્તારની વિવિધ તાલુકા વિકાસ યોજનાઓ અને રોજગારીની તકો' વિષે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. આમ અભ્યાસ દરમ્યાન તેમજ અભ્યાસ બાદ સ્વરોજગારની વિવિધ તકોનો લાભ લઇ આ વિસ્તારના લોકો કેવી રીતે ઉજાગર બની શકે છે તે તરફ માત્ર અંગુલીનિર્દેશ ન કરતા ઉદાહરણ સહ માહિતી પૂરી પાડી હતી.વ્યાખ્યાનના અંતે આચાર્યશ્રીએ આભારવિધિથી કાર્યક્રમની પુર્ણાહુતિ કરી.

## મુલાકાત

ગુજરાત સરકાર દ્વારા કે.જી.સી. તેમજ ગુજરાત યુનિવર્સિટીનાં સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે તા. ૨,૩,૪, અને ૫ ફેબ્રુઆરી ૨૦૧૮ દરમ્યાન ગ્રાન્ડ એજ્યુકેશન ફેરનું આયોજન ગુજરાત યુનિવર્સિટી કન્વેશન સેન્ટર અને ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યું હતું. સરકારી વિનયન કોલેજ તિલકવાડામાંથી આ કાર્યક્રમમાં જોડાવવા માટે પ્રા. જલ્પાબેન પટેલની નોડલ ઓફિસર તરીકે નિમણુક કરવામાં આવી હતી. તેમજ ઈતિહાસ વિષયના પ્રાધ્યાપક વિરલ મજમુદાર સાથે કુલ ૧૬ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે તા. ૦૫-૦૨-૨૦૧૮ના રોજ અમદાવાદ ગયા હતા.

ગ્રાન્ડ એજ્યુકેશન ફેરમાં, વિવિધ સંસ્થાઓના ૨૦૦ કરતા વધારે સ્ટોલ હતા. ત્યાં પહોંચી ફેરમાંના સ્ટોલ્સની મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને વિવિધ શોર્ટ ટર્મ, લોંગ ટર્મ કોર્સ, અન્ડર ગ્રેજ્યુએશન કોર્સ, પ્રોફેશનલ કોર્સ જેવા કે હોટેલ મેનેજમેન્ટ, એનીમેશન, જરનાલીઝમ, પ્રિન્ટ મીડિયા, ડિજિટલ મિડિયા, ફોટો જરનાલીઝમ, ડોક્યુમેન્ટ્રી ફિલ્મ, કોર્પોરેટ કોમ્યુનીકેશન, ગ્રાફિક ડિઝાઈનિંગ, એર હોસ્ટેસ વગેરની માહિતી મળી. જેના થકી વિદ્યાર્થીનીઓને તેમના કોલેજના અભ્યાસ બાદના આર્થિક પાસાને સુરક્ષિત કરવા માટે નવા રસ્તાઓ મળ્યા એમ ચોક્કસપણે કહી શકાય. ત્યાર બાદ ગુજરાત યુનિવર્સિટી કન્વેશન સેન્ટરના કોન્ફરન્સ હોલમાં બી. જે. મેડીકલ કોલેજના અધ્યાપક દ્વારા ૧૨ ધોરણ પછી કયા કયા ક્ષેત્રમાં જઈ શકાય તે અંગે ઓડિયો-વિઝ્યુઅલનાં માધ્યમે માહિતી આપવામાં આવી.

## જન્મ-જયંતી

સ્વામી વિવેકાનંદની ૧૫૫મી જન્મ-જયંતીની ઉજવણીનાં ભાગરૂપે તા. ૧૨/૦૧/૨૦૧૮ નાં રોજ નવયુગ સાયન્સ કોલેજ સુરતના ઓડીટોરીયમમાં AURO યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલર ડો. અવધેશ સીંગની અધ્યક્ષતા હેઠળ કોલેજ તેમજ વિવેકાનંદ કેન્દ્ર, સુરતના સંયુક્ત ઉપક્રમે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષશ્રી ડો. સીંગ બી. એસસી. સેમ-૨ અને ટી.વાય.બી.એસ.સી.નાં વિદ્યાર્થીઓને પોતાની આગવી શૈલીમાં સ્વામી વિવેકાનંદજી વિશે પ્રેરણા દાયક વાતો કરી હતી. જેમાં સ્વામી વિવેકાનંદ દ્વારા સૌપ્રથમ પ્રયોજાયેલ દરીદ્ર નારાયણ શાબથી જ્ઞાન-નારાયણ શબ્દ સુધીની ચર્ચા કરી હતી. કાર્યક્રમમાં વિવેકાનંદ કેન્દ્ર, સુરત તરફથી શ્રી અંબરીશભાઈ અને તેન્ઝીન દીદીએ પ્રેરક હાજરી આપી હતી. અને કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક પ્રત્યુત્તર પણ આપવામાં આવ્યા હતા.

આચાર્યશ્રી ડો. અશ્વિનભાઈ પટેલનો આભાર માન્યો હતો.



સ્વામી વિવેકાનંદજીની ૧૫૬મી જન્મ જયંતીની ઉજવણીના ભાગ રૂપે બી.કે.એમ. સાયન્સ કોલેજ દ્વારા યુવા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વન અને પર્યાવરણ મંત્રીશ્રી રમણભાઈ પાટકર દ્વારા આ રેલીને લીલી ઝંડી દ્વારા પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે વલસાડ જીલ્લા કલેકટર શ્રી સી.આર. ખરસાણ, શ્રી નુતન કેળવણી મંડળના ચેરમેન શ્રી ચંદ્રકાન્તભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો. સુનિલભાઈ મરજાદી, આચાર્ય ડો. વિકાસ એ. દેસાઈ ઉપાચાર્ય ડો. ટી.જી. ગોહિલ, પ્રાધ્યાપક ગણ, વહીવટી કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજ કેમ્પસ ખાતેથી ૧૪૦૦ વિદ્યાર્થીઓ દ્વારા રેલીની શરૂઆત થઇ હતી.

સ્વામી વિવેકાનંદજીના જયઘોષ, પ્રભાવક સુત્રોના પ્લેકાર્ડ તથા નારાઓ સાથે રેલી વલસાડ શહેરમાં ફરી હતી. રેલીને અંતે એસ.ટી. ડેપો નજીક સ્વામીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

તા.૧૨/૦૧/૨૦૧૮ના રોજ સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ સ્વામી વિવેકાનંદની ૧૫૫મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામા આવી છે. કોલેજના માનનીય આચાર્યા શ્રીમતી ડૉ. માર્ટિનાબહેન તથા ઉપાચાર્ય શ્રી યુ.એમ. પટેલના શુભઆશિષ વડે નિબંધ સ્પર્ધાનું ઉમદા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લઈ કોલેજ કેમ્પસને વિવેકાનંદમય બનાવી દીધું હતું. અને વિવિધ ડે ની ઉજવણીઓ દરમ્યાન પણ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સ્વામી વિવેકાનંદ નિબંધ સ્પર્ધામાં મોટી સંખ્યામાં ભાગ લીધો તે બદલ કોલેજના આચાર્યા તથા ઉપાચાર્ય સૌને અભિનંદન પાઠવ્યા હતા. આ નિબંધ સ્પર્ધામાં વિવિધ વિષયો જેવા કે,

૧. સમૃધ્ધભારતના સ્વપ્નદ્રષ્ટા – સ્વામી વિવેકાનંદજી
૨. સ્વામી વિવેકાનંદ અને આજનો યુવાનો
૩. સ્વામી વિવેકાનંદ અને વિશ્વધર્મ પરિષદ
૪. સૌથી મોટો ધર્મ : નાગરિક ધર્મ
૫. આપણી પ્રાથમિકતા શું ? સ્માર્ટ સીટી કે ક્લીન સીટી
૬. ભારતીય નારી પરિસ્થિતિ વર્તમાન અને ભાવી

જેવા ઉમદા વિષયો પર વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. દરેક સ્પર્ધકને આચાર્યા શ્રીમતી ડૉ. માર્ટિનાબેન તથા ઉપાચાર્ય શ્રી.યુ.એમ.પટેલ સાહેબ દ્વારા સર્ટિફિકેટ વિતરણ કરીને પ્રોત્સાહિત કર્યા હતા.

સમગ્ર કોલેજ પરિવારે સૌ સ્પર્ધ ભાઈઓ બહેનોને અભિનંદન આપ્યા હતા.આ સ્પર્ધાના વિજેતાઓ નીચે મુજબ છે.

**પ્રથમ વિજેતા :**

કુ. અંજલિ એસ. રંગૂનવાલા,એસ.વાય.બી.કોમ,રોલ નં.-૬૩૫

**દ્વિતીય વિજેતા :**

કુ. યીગીતા પી. પટેલ, એસ.વાય.બી.કોમ.,રોલ નં. ૫૬૯
કુ. અમ્રિતા એચ.મોટવાણી ,એફ.વાય.બી.કોમ,રોલ નં ૪૮૭

**તૃતીય વિજેતા :**

કુ. તસ્મીન ઇલ્યાસ ખડકી ,એમ.કોમ.પાર્ટ ૧,રોલ નં..૧૩૮
કુ. દિશા આર.ચૌહાણ , એસ. વાય.બી.કોમ.,૨૨૮

**આશ્વાસન ઇનામ :**

કુ. રીમા જિતેન્દ્ર ભગત ,એસ.વાય.બી.કોમ.,રોલ નં..૧૯૬
કુ. જીનલ પી.રાણા ,એસ.વાય.બી.કોમ.,રોલ નં .૬૦૫

## આનંદ મેળો

ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ઉધના કોલેજમાં તારીખ ૧૭-૦૧-૨૦૧૮ બુધવારના રોજ "Fun Fair" નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહભેર ભાગ લઇ ભાત ભાતની વાનગીઓ રજુ કરી હતી. આ કાર્યક્રમમાં કુલ ૨૬ જેટલા ફુડ સ્ટોલ રાખવામાં આવ્યા હતા. કોલેજના સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ દરેક સ્ટોલની વાનગીઓના સ્વાદનો આનંદ માણ્યો હતો.

## પુસ્તક-વાર્તાલાપ

એ.વી. પટેલ કોમર્સ કોલેજ બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે લાયબ્રેરીમાં પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરુચિ કેળવાય, સાહિત્ય પ્રત્યે રૂચિ જાગે, અભ્યાસક્રમ ઉપરાંત ઈતર સાહિત્યના વાંચન પ્રત્યે જાગૃતિ કેળવે તેવા શુભ આશયથી પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં જનરલ નોલેજ, સાહિત્ય, ડિક્સનરીઓ, કારકિર્દી માર્ગદર્શન, વ્યક્તિત્વ વિકાસ, એકાઉન્ટન્સી, મેનેજમેન્ટ, અર્થશાસ્ત્ર, બેંકિંગ, કાયદો, આંકડાશાસ્ત્ર, સેક્રેટેરીયલ પ્રેક્ટીસ વગેરે વિવિધ વિષયોના પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેનો કોલેજ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓએ બહોળા પ્રણામમાં લાભ લીધો હતો.

## વિતરણ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગુજરાત સરકારની સપ્તધારાની સામુદાયિક સેવાધારાના ઉપક્રમે શેઠ ભાણાભાઈ દુર્લભભાઈ ઈટવાલા પ્રાથમિક વિદ્યાલય દેસરાખાતે કરવામાં આવ્યું હતું જેમાં શાળાના ૨૦૦ વિદ્યાર્થીઓને નોટબુક તેમજ સ્ટેશનરી કીટ કોલેજના પ્રા.ડેઝીબેન એચ.દેસાઈ પ્રા. જિગીષાબેન આર. પટેલ તેમજ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિતરણ આવ્યું હતું. કોલેજના ઇન્ચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી ચેતનભાઈ ટંડેલ તેમજ કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને સાથ સહકાર મળ્યો હતો.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાનાં ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે મને ગમતું પુસ્તક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. સારા પુસ્તકોનું વાંચન માનવીને સદ્કર્મ, સદ્દભાવના અને સદ્દવિચારથી સમૃધ્ધ બનાવે છે. રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની જવાબદારી અંગે વિદ્યાર્થીઓ વધુ સભાન બને તેવા આશયથી મને ગમતું પુસ્તક વાર્તાલાપ નિયમિત રીતે યોજવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૭ વિદ્યાર્થીઓ અને ૧ અધ્યાપિકાએ ગુજરાતી સાહિત્યનાં જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજુ કર્યા હતા. કોલેજના ઇન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરુચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર. એમ. પટેલે કરી હતી.

## વાર્ષિકોત્સવ

ઉધના એકેડેમી કોલેજના કેમ્પસમાં તા. ૦૬-૦૩-૨૦૧૮નાં રોજ વાર્ષિકોત્સવ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી કિરીટ જી. ગાંધી (પ્રમુખશ્રી), શ્રી ભાણજીભાઈ પટેલ (ઉપપ્રમુખશ્રી), શ્રી કાંતિભાઈ પટેલ (મંત્રીશ્રી), શ્રી નિરંજનભાઈ પટેલ (ખજાનચી), શ્રી કેતનભાઈ શાહ (સહમંત્રી), શ્રી નરેશભાઈ પટેલ (સહમંત્રી), કોલેજના ભૂતપુર્વ આચાર્ય શ્રી ડો. એ.જી. મહેતાએ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં અન્ય




આમંત્રિત મહેમાનો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોતી સંખ્યામાં હાજર રહ્યા હતા. કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડો. મેહુલ પી. દેસાઈએ મહેમાનો તથા વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો ત્યારબાદ ટ્રસ્ટના પ્રમુખશ્રી કિરીટભાઈ ગાંધીએ વિદ્યાર્થીઓને આર્શીવચન આપી પ્રોત્સાહિત કર્યા હતા. વાર્ષિકોત્સવમાં કોલેજના વિદ્યાર્થીઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ગરબો, વેસ્ટર્ન ડાન્સ, ક્લાસિકલ ડાન્સ, સોલો ડાન્સ, શેડો ડાન્સ, સોલો તથા ડ્યુએટ સોંગ તથા હાસ્ય નાટિકા વગેરે સુંદર કૃતિઓ રજુ કરી હતી. આભારવિધિ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડો. પ્રતીક્ષા દેસાઈએ રજુ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફનો સંપૂર્ણ સહકાર મળ્યો હતો.




## એન.એસ.એસ.

નવયુગ સાયન્સ કોલેજનો એન.એસ.એસ. વિભાગનો વાર્ષિક શિબિર તા. ૦૯/૦૨/૦૧૮ થી ૧૫/૦૨/૦૧૮ દરમ્યાન ચીખલી તાલુકાના કુકેરી ગામે શાંતાબા વિદ્યાલય – અનાથશ્રમ ખાતે યોજાયો હતો. જેમાં આચાર્યશ્રી ડૉ.એ.એસ. પટેલના પ્રોત્સાહનથી ૪૯ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. આ શિબિર દરમ્યાન સ્વચ્છતા અભિયાન, વિદ્યાર્થીઓ દ્વારા એકત્રિત કરેલ કપડાઓનું જરૂરિયાતમંદ લોકોને વિતરણ, પર્યાવરણ જાગૃતિ અંગે રેલી, તથા ગામની શાળાઓમાં ધો-૫ થી ૮ ના વિદ્યાર્થીઓને પ્રયોગ આધારિત ગણિત અને વિજ્ઞાન વિષયોનું શૈક્ષણિક કાર્ય કરાયું હતું.



આ શિબિરનું શૈક્ષણિક કાર્ય કરાયું હતું. આ શિબિરના વિશેષ કાર્ય રૂપે તા. ૧૧/૨/૨૦૧૮ ના રોજ રાનવેરી કલ્લા ગામ ખાતે મફત આંખના નંબરની ચકાસણી અને ચશ્મા વિતરણ શિબિરનું આયોજન કરાયું હતું. જેમા ૧૪૧ જરૂરિયાતમંદ લોકોને ચશ્માનું વિતરણ કરાયું હતું. આ શિબિરનું આયોજન વિદ્યાલયના ટ્રસ્ટીશ્રી પરિમલભાઈ પરમારના સહયોગથી, પ્રોગ્રામ ઓફિસર પ્રા.પી.સી.પટેલ દ્વારા કરાયું હતું

એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ તથા સામુદાયિક સેવા ધારાનાં ઉપક્રમે, વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નવસારી જીલ્લા શ્રી ડો. મેહુલભાઈ આર. ડેલીવાલા, (અર્બન હેલ્થ ઓફિસર બીલીમોરા), ડો. રાજેન્દ્રભાઈ એમ. ગઢવી (બ્લોક IEC ઓફિસર, ગણદેવી) શ્રી નટવરલાલ એફ. પટેલ, (તાલુકા સુપરવાઈઝર, ગણદેવી) તથા શ્રી પ્રકાશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને તમાકુ-ગુટખા, બીડી-સિગારેટ વગેરે વ્યસનોના ગંભીર પરિણામો વિષે માહિતી સભર માર્ગદર્શન, પ્રોજેક્ટ નિદર્શન વડે પૂરું પાડ્યું હતું. વ્યસન કરનારાઓની દયનીય હાલત, વિદ્યાર્થીઓએ વિવિધ ફોટોગ્રાફ્સ અને વિડીયો ફિલ્મથી નિહાળી હતી તેમજ વ્યસનોને લીધે થતા ગંભીર રોગો જેમ કે કેન્સર વગેરે અંગે સચોટ માહિતી મેળવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. દીપિકાબેન લાડે કર્યું હતું. કાર્યક્રમને પ્રારંભે ઇન્ચાર્જ આચાર્યા પ્રા. વર્ષાબેન રાણાએ તથા પ્રા. વાય. જે. દેસાઈ અને પ્રા. એન. બી. સોલંકીએ પુષ્પગુચ્છ વડે મહેમાનોને આવકાર્યા હતા.

અંતમાં તમામ વિદ્યાર્થીઓને વ્યસનમુક્તિ અંગે તેમજ વ્યસંમુક્તીના પ્રચાર-પ્રસાર અંગે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. અને રાષ્ટ્રગીતના સમુહગાનથી કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

નવયુગ સાયન્સ કોલેજ , સુરતમાં એન. એસ . એસ વિભાગ દ્વારા "સુરત રક્તદાન કેન્દ્ર " ના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન થયું હતું શિબિરમાં કોલેજના આચાર્ય ડૉ . એ. એસ. પટેલ તથા પ્રોગ્રામ ઓફિસર પ્રા એસ . ડી . પંડ્યા હાજર રહી વિધાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા . પ્રારંભમાં સુરત રક્તદાન કેન્દ્રનાં ડૉ . મુકુન્દ દેસાઈ દ્વારા રક્તદાનું મહત્વ સમજાવી પ્રેરણા આપી જેના ફલશ્રુતી રૂપે વિધાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કુલ ૫૯



રક્તદાન એકત્ર કરાયું હતું . શિબિરનું વ્યવસ્થાપન પ્રોગ્રામ ઓફિસર પ્રા . પી . સી . પટેલ દ્વારા કરવામાં આવ્યું હતુ .

## જ્ઞાનગોષ્ઠિ

નવયુગ સાયન્સ કોલેજ સુરતમાં તા. ૦૯/૦૧/૨૦૧૮ ના રોજ સુરત શહેરના પ્રતિષ્ઠિત ડાયમંડ-ઉદ્યોગપતિ શ્રી ગોવિંદભાઈ ધોળકીયાએ દર વર્ષની જેમ જ કોલેજના ટી.વાય.બી.એસસી. સેમ-૬ના વિદ્યાર્થીઓ સાથે જ્ઞાન-ગોષ્ઠી યોજી હતી જેમાં શ્રી ગોવિંદકાકા એ પોતાની લાક્ષણીક આગવી શેલીમાં વિદ્યાર્થીઓને જ્ઞાન-ગંગા પાવન કર્યા હતા. જીવનમાં સફળતા માટેનાં સૂત્રોની ચર્ચા દરમિયાન તેઓશ્રી એ વિદ્યાર્થીઓને માતા-પિતા, વડીલો અને શિક્ષકો પ્રત્યેનો ઋણાનુબંધની સમજ આપી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ કારકિર્દીને લગતા પ્રશ્નો કર્યા હતા. અને તેઓએ તેમના મોલિક ઉત્તરો આપીને વિદ્યાર્થીઓને જોમ બક્ષ્યું હતું




નવા બિલ્ડીગના આ હોલને તેમના તરફથી વાતાનુકુલિત કરી આપવા બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ.આશ્વિનભાઈ પટેલ શ્રી ગોવિંદકાકાનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને દર વર્ષે એમના જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓને મળતો રહે એવી અપેક્ષા સેવી હતી.

## મંડળ

તા- ૦૪/૦૨/૨૦૧૮ ના રોજ નવયુગ સાયન્સ કોલેજ સુરતના ઓડીટોરીયમમાં વાલી અધ્યાપક મંડળની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ, મંડળના પ્રમુખ અને એડવોકેટ શ્રી રમેશભાઈ પટેલ પ્રિન્સી. શ્રી મિચલા અને ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહેલ શ્રી શશીકાંતશાહ ઉપસ્થિતિમાં



કાર્યક્રમની દિપ પ્રાગટ્ય અને સરસ્વતી પ્રાર્થનાથી કરવામાં આવી હતી. પ્રિન્સીપાલશ્રી અશ્વિનભાઈ પટેલે આવકાર પ્રવચન તેમજ આમંત્રિત મહેમાનશ્રી ઓનો પરિચય આપ્યો હતો.મહેમાનશ્રી શશીકાંત શાહ તેમના પ્રવચનમાં પર્સનાલીટી ડેવલોપમેન્ટ કોર્ષ વિશે ભાર મુક્યો હતો અને વાલીઓને બાળકોના ચારિત્ર અને સંસ્કાર સારા કેળવાય તે માટે ખાસ સૂચન કરાયા હતા. બાળકોને પૈસા આપો પરંતુ ઉપયોગ કેવી રીતે કરવો તે જણાવવામાં આવ્યું હતું. નવા વર્ષ માટે કારોબારીની નિમણુંક વાર્ષિક અહેવાલ અને નાણાકીય હિસાબ રજૂ કરવામાં આવ્યાં હતા. વંદે માતરમ્ અને આભાર વિધી બાદ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## આરોગ્ય

ગણદેવી તાલુકા આરોગ્ય કચેરી જીલ્લા પંચાયત આરોગ્ય શાખા નવસારી, રોટરી કલ્બ ઓફ બીલીમોરા અને બી.વી.કે મંડળની સંસ્થા વી.અસ.પટેલ કોલેજ અને એ.વી.પટેલ કોલેજ, બી.સી.એ.-બી.બી.એ અને સેલ્ફ ફાયનાન્સ, નર્સિંગ જેવી સંસ્થાઓએ ભેગા થઈને બલ્ડ ડોનેશન કેમ્પનું આયોજન કરેલ હતું જેમાં ૫૦ બોટલ બ્લડ એકત્ર કરવામાં આવ્યુ હતું

નવસારી જીલ્લાના જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પ્રેમકુમાર કન્નડ, ડૉ. મેહુલ ડેલીવાલા જીલ્લા રોજગાર નિયત્રણ અધિકારી ડૉ. મનોહર એલ. મજીગાવકર તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. રાજેન્દ્ર ગઢવી અર્બન હેલ્થ ઓફિસર બીલીમોરા ઈ.ચા.આચાર્ય દીપેશ પટેલ અને સ્ટાફ મેમ્બરો પણ બલ્ડ આપેલ હતું.રોટરી કલ્બ ઓફ બીલીમોરાના મુકેશભાઈ મહેતા, હિતેશ વાડીયા અને યોગેશ કંસારા પણ બ્લડ ડોનેશન કેમ્પમાં વિદ્યાર્થીને પ્રોત્સાહન આપેલ હતું

### 'દક્ષિણાયન': સરનામુ

ડૉ.બાબુલાલ અંકુયા
તંત્રી, દક્ષિણાયન
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય
ઉધના મગદલ્લા રોડ
સુરત-૩૯૫૦૦૭
**e-mail:**
dakshinayanlibrary.vnsgu@gmail.com

SAVE WATER જળ એ જ જીવન. આવો આપણે સૌ જળ બચાવીએ, જીવન બચાવીએ,પૃથ્વી બચાવીએ.

**Chief Editor:** Dr.K.C. Poria, Professor (Stage-6) and Head, Department of Physics, VNSGU, Surat.

**Editor:** Dr. B.J. Ankuya, Assistant Librarian, VNSGU, Surat.

**Published by:** Shri A.V.Dhaduk, I/c. Registrar, VNSGU, Surat.

**Designed by:** Shri Mayaankkumar Patel, Programmer, VNSGU, Surat.

THIS e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org

**Tel: + 91-261-2227141 Fax: + 91-261-2227312**